Wednesday
04.09.2024
✱Volume :9 ✱ Issue No.48
✱Email.:kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✱Managing Editor: Arjun Sondarva
✱Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય અને ગુજરાત સરકારના સંયુકત ઉપક્રમે ૬ સપ્ટેમ્બરે સુરતથી જલસંચય જનભાગીદારી યોજનાનો શુભારંભ થવાનો છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આ પ્રસંગે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપવાના છે.

કેન્દ્રિય જલશક્તિ મંત્રીશ્રી સી. આર. પાટિલ તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સુરતથી કાર્યક્રમમાં જોડાશે

કમલમ્ ન્યુઝ,
કેન્દ્રિય જલશક્તિ મંત્રાલય દ્વારા દેશના રાજ્યોમાં જળસંચય સંબંધિત કામગીરી માટે 'કેચ ધ રેઈન, વ્હેર ઈટ ફોલ્સ-વ્હેઈન ઈટ ફોલ્સ...' થીમ સાથે ૨૦૨૧થી જળશક્તિ અભિયાન હાથ ધરાય છે. ૨૦૨૪ના આ વર્ષમાં 'નારીશક્તિ સે જલશક્તિ' થીમ સાથે ૯ માર્ચ ૨૦૨૪થી ૩૦ નવેમ્બર ૨૦૨૪ સુધી જળશક્તિ અભિયાન યોજાઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લા કલેક્ટરો સાથે વિડિયો કોન્ફરન્સ બેઠકયોજીનેઅભિયાનને વ્યાપક સફળ બનાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યમાં વરસાદી સ્થિતિની સમીક્ષા પણ આ કોન્ફરન્સ દરમ્યાન કરી હતી. તેમણે કહ્યું કે હવે જ્યારે વરસાદે વિરામ લીધો છે અને વરસાદી સ્થિતિમાંથી આપણે બહાર આવી રહ્યા છીએ ત્યારે અસરગ્રસ્ત જિલ્લાઓમાં સફાઈ લોકોની આરોગ્ય સુખાકારી, માર્ગોની તાકીદે મરામતને અગ્રતા અપાય, એટલું જનહીં, સર્વેકરીને કેશડોલ્સ અનેઘરવખરીસહાયનુંપણ ચૂકવણું અસરગ્રસ્તોને ત્વરાએ થાય તેને પ્રાધાન્ય આપીએ. મુખ્યસચિવશ્રી રાજકુમાર તેમજ મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રીપંકજ જોષી ,એમ કેદાસ તેમજ વરિષ્ઠ સચિવો આ વીડિયો કોન્ફરન્સમાં સહભાગી થયા હતા.

પ્રધાનમંત્રીએ બ્રુનેઈમાં ભારતના હાઈ કમિશનના નવા ચાન્સરી પરિસરનું ઉદઘાટન કર્યું

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ બ્રુનેઈમાં ભારતના હાઈ કમિશનના નવાચાન્સરી પરિસરનું ઉદ્ઘાટન કર્યુંહતું. આપ્રસંગે તેમણે દીપ પ્રગટાવી તકતીનું અનાવરણ કર્યું હતું. પ્રધાનમંત્રીએ ઉદઘાટન પ્રસંગે ઉપસ્થિત ભારતીય સમુદાયનાં સભ્યો સાથે પણ વાત કરી હતી. તેમણે બંને દેશો વચ્ચે જીવંત સેતુ તરીકે અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવાનાં તેમનાં પ્રદાનની પ્રશંસા કરી હતી. બ્રુનેઈ પહોંચેલા ભારતીયોનો પ્રથમ તબક્કો ૧૯૨૦ના દાયકામાં તેલની શોધ સાથે શરૂ થયો હતો. હાલમાં બ્રુનેઈમાં લગભગ ૧૪,૦૦૦ભારતીયોવસ્ત્રાટ કરી રહ્યા છે. બ્રુનેઈના આરોગ્ય સંભાળ અને શિક્ષણ ક્ષેત્રોની વૃદ્ધિ અને વિકાસમાં ભારતીય ડોક્ટરો અને શિક્ષકોના યોગદાનને સારી રીતે સ્વીકારવામાં આવ્યું છે. આ પ્રાસંગિક સંકુલ ભારતીય તાની ગહન ભાવનાને મૂર્તિમંત કરે છે, જેપરંપરાગત ભાતોઅને લીલાછમ વૃક્ષોનેકુશળતાપૂર્વક સંકલિતકરે છે. ભવ્ય કલેડીંગ્સ અને ટકાઉ કોટા પથ્થરોનો ઉપયોગતેની સૌંદર્યલક્ષી અપીલમાં વધુ વધારો કરે છે, સુમેળપૂર્વક કલાસિક અને સમકાલીન તત્વોનું મિશ્રણ કરે છે. આડિઝાઈન માત્રભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને જ શ્રદ્ધાંજલિ આપતી નથી, પરંતુ શાંત અને આમંત્રિત વાતાવરણ પણ બનાવેછે.

વડોદરા જિલ્લાના પ્રાથમિક શિક્ષકો અસરગ્રસ્તોની વ્હારે

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨૮૦૦થી વધુ કિટનું વિતરણ

શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરના હસ્તે શહેરના સમા છાણી કેનાલ રોડ પર આવેલ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જરૂરત મંદોને રેશન કિટ તેમજ પુસ્તકોનું વિતરણ

કમલમ્ ન્યુઝ, વડોદરા
વડોદરા જિલ્લામાં ભારે વરસાદને કારણે પૂરની પરિસ્થિતિ ઊભી થઈ હતી. જેને કારણે નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી દ્વારા શિક્ષકોના સહયોગથી રેશન કીટ તૈયાર કરવામાં આવી હતી. ૨૮૦૦થી વધારે રેશન-કીટ તૈયાર કરીને શિનોર, ડભોઈ, સાવલી, ડેસર, વાઘોડીયા, પાદરા, કરજણ અને વડોદરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૨૮૦૦ જેટલી રેશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોરનાહસ્તે શહેરનાસમા છાણી કેનાલ રોડ પર આવેલ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જરૂરત મંદોને રેશન કિટ તેમજ પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષકો દ્વારા રેશન-કીટ ઝુંપડપટ્ટીમાં રૂબરૂ જઈને વિતરણ કરવા સાથેશૈક્ષણિક કીટ-નોટબુક-દફતર તથા કપડાંની કીટનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અસરગ્રસ્તોને સ્થળ પર ભોજન-નાસ્તા તૈયાર કરીને આપવામાં આવ્યા હતા. સરકાર દ્વારા કેશ-ડોલ્સ વિતરણ કરવામાં આવી હતી. સી.આર.સી અને શિક્ષકો દ્વારા પૂરમાં ફસાયેલા વ્યક્તિનેરેસ્ક્યુ કરીનેબહાર કાઢવા સુધીની મદદ પણ કરવામાં આવી હતી. જ્યાં પાણી ભરાયેલ તે વિસ્તારમાં પાણીની બોટલ, બિસ્કીટ, નાસ્તા તથા ખીચડી, છાશ, દૂધ વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષકોએપૂર-ગ્રસ્ત વિસ્તારમાં ફસાયેલાબાળકોને શિક્ષકો પોતાના ઘરે રાખવા માટેની વ્યવસ્થા કરવામાંઆવી હતી.

કેન્દ્રીય જળશકિત મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે રાજ્યમાં સદસ્યતા અભિયાનનો પ્રારંભ કરાવ્યો.

કમલમ્ ન્યુઝ, ગાંધીનગર
ભારતીય જનતા પાર્ટીનુ સદસ્યતા અભિયાન-૨૦૨૪નો પ્રારંભ ગઈકાલે વૈશ્વીક નેતા અને વડાપ્રધાન નરેન્દ્રભાઈમોદીએ નવી દિલ્હી ખાતેથી કરાવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગઈકાલે પ્રાથમિક સદસ્યતા પ્રાપ્ત કર્યા પછી જણાવ્યું હતુ કે, દેશમા ભારતીય જનતાપાર્ટી જે એક માત્ર એવી પાર્ટી છે જે પક્ષના બંધારણ મુજબ અક્ષરશઃ લોકતાંત્રિક પ્રક્રિયાનુ પાલનકરી કાર્યકર્તાઓનો વિસ્તાર કરી રહી છે. ગુજરાત રાજ્ય ખાતે સદસ્યતા અભિયાનનો પ્રારંભ કેન્દ્રીય જળશક્તિ મંત્રી તેમજ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ એ મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને સદસ્યતા અપાવી કર્યો. આ કાર્યક્રમમા પ્રદેશના સંગઠનમહામંત્રી રત્નાકર જી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ પંડિત દિન દયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, બોડકદેવ, અમદાવાદ ખાતે યોજાયો હતો. સદસ્યતા અભિયાનના કાર્યક્રમમા પુર્વ મુખ્યમંત્રી તેમજ પુર્વ નાયબ મુખ્યમંત્રી, પ્રદેશના હોદ્દેદારઓ, સાંસદો, ધારાસભ્યઓ, જિલ્લા પ્રમુખઓ, મેયર અને ડે.મેયરઓ સહિતના પદાધિકારીઓને નવેસરથી સદસ્યતા મેળવી. સરપંચ થી લઈ સાંસદ સુધીના તમામ જનપ્રતિનિધીઓ આજે ૧૨ વાગ્યા સુધીમા ૧૦૦ અન્ય લોકોને પ્રાથમિક સભ્ય તેમની લીંક પરથી બનાવશે. આ કાર્યક્રમમા સદસ્યતા અભિયાનનાઈન્ચાર્જ કે.સી.પટેલે પ્રાસંગીક સંબોધન કરી કેવી રીતે વધુમાવધુ લોકોને ભારતીય જનતા પાર્ટી સાથે જોડવા તે અંગે વિસ્તૃત માહિતી આપી. કેન્દ્રીયમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ માર્ગદર્શન આપતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના સંગઠન મહામંત્રી તરીકેની જવાબદારી સમયે લોહી પસીનો એક કરી સંગઠન મજબૂત બનાવ્યુ છે. ગુજરાત સંગઠનની શિસ્તતા અને સેવાકીય કાર્યોની નોંધ અન્ય રાજયોએ લેવી પડે તે માટે કાર્યકર્તાઓએને આગેવાનોને અભિનંદન. ભારતીયજનતા પાર્ટી જ એક માત્ર એવી પાર્ટી છે જે દર છ વર્ષે સદસ્યતા પુર્ણ કરી નવા સદસ્યતા બનાવવાની પ્રક્રીયા કરે છે. ગઈકાલે નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સદભ્ય બની આ અભિયાનનો આરંભકરાવ્યોછે. પ્રાથમિક સભ્ય બનાવ્યા પછી સક્રિય સભ્ય બનાવવાના વિનંતી કરી. ગુજરાતમાઆ વખતેર કરોડ જેટલા સભ્ય બનાવવા પ્રયાસ કરવાનો છે. સી આર પાટીલએ વધુમા જણાવ્યું કે, આગામી ૧૫ અને ૧૬ તારીખે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિવિધ કાર્યક્રમમા ઉપસ્થિત રહેવાના છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ત્રીજી વખતવડાપ્રધાન બન્યા પછી પહેલી વખત ગુજરાત પધારી રહ્યા હોય ત્યારે વૈશ્વીક નેતાઅને લોકલાડિલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ભવ્ય સ્વાગત કરીસંગઠનની એકતા બતાવવાનો પ્રયાસકરીશું. પ્રાથમિક સભ્યો અને પેજ સમિતિના સભ્યો વચ્ચેના તફાવત અંગે પણ વિસ્તૃત માહિતીઆપી હતી. લોકસભા અને વિધાનસભામા ૩૩ ટકા અનામતનોલાભ મળવાનોછે ત્યારે મહિલાઓ પણ સંગઠનમા ૩૩ ટકાનાભાગીદાર બનેઅને અંદાજે ૬૬ લાખ જેટલાસભ્યો મહિલાઓ બને તેવો પ્રયાસ કરવામા આવે. સદસ્યતા મેળવ્યા પછી મુખ્ય મંત્રી ભુપેન્દ્રભાઈ પટેલેસંબોધન કરતા જણાવ્યું કે, આપણે કાર્યકર્તા ભારતીય જનતા પાર્ટીનાછીએતેનુ ગૌરવ આપણને છે. દેશને પ્રથમ રાખી સેવાકીય કાર્યો કરે તે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓછે. સામાન્યકાર્યકર થી સતત ત્રીજી વખતદેશના વડાપ્રધાન બનવુ તે ભારતીય જનતા પાર્ટીમા જ થઈ શકે. દેશમા આજે આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહનુ માર્ગદર્શન આપણને મળી રહ્યુ છે. સૌ સાથે મળી વધુમા વધુ લોકોને ભારતીય જનતા પાર્ટીના સભ્ય બનાવવાનો પ્રયાસ કરીએ.

થરાદ ખાતે સોઈલ ટેસ્ટ લેબોરેટરીનું લોકાર્પણ કરતા વિધાનસભા અધ્યક્ષ

કમલમ્ ન્યુઝ, બનાસકાંઠા,
ગુજરાત વિધાનસભાના અધ્યક્ષઅને બનાસડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી થરાદ ખાતે બનાસ સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી (BSTL), બનાસ સેવ સોઈલ ફાર્મર પ્રોડ્યુસર કંપની (BSSFPC) અને (ડિજિટલી) ખીમાણા ખાતે બનાસ બાયોફર્ટિલાઈઝર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ લેબોરેટરીનું ઉદ્ઘાટન કર્યું. આઉદ્ઘાટન માંમોટી સંખ્યામાં સ્થાનિક ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. થરાદમાંબનેલી દેશની એક માત્ર સોઈલ હેલ્થ લેબોરતોરીનું લોકાર્પણ થતા આગમી સમયમાં આ લેબોરેટરી બનાસની માટીને જીવંત બનાવવામાં મોટી ભૂમિકા ભજવશે. આપણે માટીને બચાવી સજીવસૃષ્ટિને જીવંત રાખવા કામ કરીએ. આ પ્રસંગે ચેરમેન શંકરભાઈ ચૌધરીએજણાવ્યું હતું કે પૂજ્ય સદગુરુના જન્મદિવસે બનાસને લેબોરેટરી રૂપેમળેલી આ નવી ભેટ છે. સદગુરુછેલ્લા કેટલાય સમયથી બીજાના ભલા માટે કામ કરી રહ્યા છે. માટીને બચાવવી આપણા સૌની ફરજ છે. જે માટે બનાસ ડેરીએ ઈશા ફાઉન્ડેશન સાથે મળી આ લેબ માટીને જીવંત બનાવવા કાર્યરત કરી છે. પંચતત્વમાંથી આપણને નવી ઉર્જા મળે છેઅને માટી તેમાંથીએક છે. ચેરમેન શંકરભાઈચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કેવડાપ્રધાન મુખ્યમંત્રી હતા ત્યારથી સોઈલ હેલ્થ અને બાયો ફર્ટીલાઈઝર માટે કામ કરી રહ્યા છે. આણંદ કૃષિ યુનિવર્સીટી દ્વારા તૈયાર કરાયેલ બાયોફર્ટીલાઈઝર તેનુંપરિણામછે. આજે આપણા જીલ્લામાં ખીમાણા ખાતે પ્રવાહી બાયો ફર્ટીલાઈઝર બનાવવાની શરૂઆત થઈ છે. જે આપણનેકેમીકલ્યુક્ત ફર્ટીલાઈઝર થી મુક્તિ અપાવશે. ઝાડના પાંદડા અને પ્રાણીઓના મળમુત્ર આપણી ધરતીનો ખોરાકછે. માટીબચશે તો ભવિષ્યનું જીવન સમૃદ્ધ બનશે. "લેબ ટુ લેન્ડ" ના સંકલ્પ સાથે માટી બચાવવા આપણે સાથે મળી કામ કરવું પડશે. આ પ્રસંગે ઈશા ફાઉન્ડેશનના સ્વામી નીસર્ગાએ જણાવ્યું હતું કે સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી માટીને જીવંત બનાવવા મહત્વની ભૂમિકાભજવશે. સદગુરુ હંમેશા કહે છે કે માટી જીવંત છે અને તેમાંથી જ સમગ્ર પૃથ્વીનું નિર્માણ થયું છે.

ખેડૂતો માટે બનાવેલી આ લેબોરેટરી આવિસ્તારના ખેડૂતોને ઉપયોગી થશે. સદગુરુ પોતે પણ ખેડૂત છે અને ખેતી કરે છે. છેલ્લા ૩૦ વર્ષ કરતા વધુ સમયથી ખેડૂતોના ઉત્થાન માટે તેઓ કામ કરી રહ્યા છે. મહાત્મા ગાંધી અને અમુલ ગુજરાત ની ઓળખ છે. ગુજરાતે શ્વેતક્રાંતિ થકી દેશને નવી દિશા આપીછે. ત્યારેમાટીને જીવંત બનાવવા આપને સૌ સાથે મળીને કામ કરીએ. માટી જીવન છે, માટી થી શરીર છે અને માટી થીજ સૃષ્ટિ છે. જેથી સૃષ્ટિને બચાવવા માટી બચાવવી પડશે. થરાદ ખાતે યોજાયેલા આ ઉદ્ઘાટન પ્રસંગમાં પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલ, વાઈસચેરમેન ભાવાભાઈ રબારી, મેનેજીંગ ડિરેક્ટર સંગ્રામ ચૌધરી બનાસ ડેરીનાડીરેક્ટરશ્રીઓ, ઈશા ફાઉન્ડેશનના કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ખેડૂતમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

પ્રજાસત્તાક દિન ૨૦૨૫ નિમિત્તે જાહેર થનાર પદ્મ પુરસ્કારો ૨૦૨૫ માટે ઓનલાઈન નામાંકન/ભલામણો૧લી મે ૨૦૨૪ના રોજ ખુલી છે. પદ્મ પુરસ્કારો માટે નામાંકન માટેની છેલ્લી તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૨૪છે. પદ્મપુરસ્કારો માટેનાનામાંકન/ભલામણો રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ (https://awards.gov.in) પર ઓનલાઈન સ્વીકારાશે. પદ્મ પુરસ્કારો, એટલે કે, પદ્મવિભૂષણ, પદ્મ ભૂષણ અને પદ્મ શ્રી, દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારોમાંના એક છે. ૧૯૫૪માં સ્થાપિત આ પુરસ્કારો દર વર્ષે પ્રજાસત્તાક દિવસના અવસર પર જાહેર કરવામાં આવે છે. આ પુરસ્કાર 'વર્ક ઓફ ડિસ્ટિંકશન'ને ઓળખવા માંગે છે અને તમામ ક્ષેત્રો/વિદ્યાશાખાઓમાં વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓ/સેવા માટે આપવામાં આવે છે, જેમ કે, કલા, સાહિત્ય અને શિક્ષણ, રમતગમત, દવા, સામાજિક કાર્ય, વિજ્ઞાન અને એન્જિનિયરિંગ, જાહેર બાબતો, સિવિલ. સેવા, વેપાર અને ઉદ્યોગ વગેરે. જાતિ, વ્યવસાય, પદ અથવા લિંગના ભેદભાવ વિના તમામ વ્યક્તિઓ આ પુરસ્કારો માટે પાત્ર છે. ડૉક્ટર્સ અને વૈજ્ઞાનિકો સિવાય PSUs સાથે કામ કરતા સરકારી કર્મચારીઓ પદ્મ પુરસ્કારો માટે પાત્ર નથી. સરકાર પદ્મ પુરસ્કારોને "લોકોના પદ્મ"માં પરિવર્તિત કરવા પ્રતિબદ્ધ છે. તેથી, તમામ નાગરિકોને સ્વ-નોમિનેશન સહિત નામાંકન/સુચનાઓ કરવા વિનંતી કરવામાં આવે છે. પ્રતિભાશાળી વ્યક્તિઓને ઓળખવા માટે નક્કર પ્રયાસો કરવામાં આવી શકે છે જેમની શ્રેષ્ઠતા અને સિદ્ધિઓ ખરેખર સ્ત્રીઓ, સમાજના નબળા વર્ગો, SC અને ST, દિવ્યાંગવ્યક્તિઓ અને જેઓ સમાજની નિઃસ્વાર્થ સેવા કરી રહ્યા છે તેમાંથી ઓળખાવાને પાત્ર છે. નામાંકન/સુઝાવમાં ઉપરોક્ત પોર્ટલ પર ઉપલબ્ધ ફોર્મેટમાં ઉલ્લેખિત તમામ સંબંધિત વિગતો હોવી જોઈએ, જેમાં વર્ણનાત્મક સ્વરૂપમાં (મહત્તમ ૮૦૦ શબ્દો) અવતરણનો સમાવેશ થાય છે, જેમાં તેણીની/તેની ભલામણ કરાયેલ સંબંધિત ક્ષેત્ર/ડિસિપ્લીનની વ્યક્તિની વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓ/સેવા સ્પષ્ટપણે બહાર આવે છે. આ અંગેની વિગતો ગૃહ મંત્રાલયની વેબસાઈટ (https://mha.gov.in) અને પદ્મ એવોર્ડ પોર્ટલ (https://padmaawards.gov.in) પર 'પુરસ્કારો અને ચંદ્રકો' શીર્ષક હેઠળ પણ ઉપલબ્ધ છે. આ પુરસ્કારોને લગતા કાયદા અને નિયમો https://padmaawards.gov.in/AboutAwards.aspx લિંક સાથે વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

"મૃત્યુ પછી માનવીનું અમૂલ્ય દાન એટલે ચક્ષુદાન"

'રાષ્ટ્રીય નેત્રજ્યોતિ અભિયાન' અંતર્ગત મોતિયાના ઓપરેશનમાં ગુજરાત દેશમાં અગ્રેસર

- રાષ્ટ્રીય નેત્રજ્યોતિ અભિયાન અંતર્ગત રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩થી જુલાઈ-૨૦૨૪ સુધીમાં ૧૪ લાખ જેટલા મોતિયાના સફળ ઓપરેશન કર્યા
- રાજ્ય સરકાર હસ્તકની તમામ હોસ્પિટલો ખાતે મોતિયાના ઓપરેશનની જરૂરીયાત ધરાવતા દર્દીઓ માટે વિના મૂલ્યે આધુનિક નેત્રમણી સાથેના ઓપરેશનની સગવડ
- નેત્રજ્યોતિ અભિયાન અંતર્ગત રાજ્યમાં વર્ષ ૨૦૨૨-૨૩થી જુલાઈ-૨૦૨૪ સુધીમાં ૧૪ લાખ જેટલા મોતિયાના સફળ ઓપરેશન કર્યા
- વર્ષ ૨૦૨૦થી જુલાઈ-૨૦૨૪ સુધીમાં ૨૦૮૧૮ ચક્ષુદાન અને ૪૭૦૧ સફળ કીકી પ્રત્યારોપણ પણ થયા

ભારતીય ધર્મ અને સંસ્કૃતિમાં કહેવાયું છે કે, "મૃત્યુ પછી માનવીનું અમૂલ્ય દાન એટલે ચક્ષુદાન". ભારતમાં રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટીખામી નિયંત્રણ અંતર્ગત આંખના વિવિધ રોગોને કારણે આવતા અંધત્વને રોકવા તેમજ ચક્ષુદાન અંગે જાગૃતિ ફેલાવવા માટેના પ્રયાસો કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ખભેથી ખભો મિલાવીને હાથ ધરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના સતત માર્ગદર્શન હેઠળ દ્રષ્ટિહીન લોકોના જીવનમાં ઉજાસ પાથરવાના ઉમદા આશયથી રાજ્યભરમાં ૩૯મું ચક્ષુદાન પખવાડીયું તા. ૦૮ સપ્ટેમ્બર સુધી ઉજવાશે. છેલ્લા દાયકામાં રાજ્યમાં દરવર્ષે સરેરાશ ૭ લાખ જેટલા મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા છે. સાથે જ, હાલ રાજ્યમાં પ્રતિ ૧૦ લાખ વસ્તીને ૧૦ હજારથી વધુ મોતિયાના ઓપરેશનનો દર હાંસલ કરીને રાજ્ય અગ્રેસર રહ્યું છે. ગુજરાત સરકારે ફેબ્રુઆરી ૨૦૨૨મા 'મોતિયા અંધત્વ બેકલોગ મુક્ત ગુજરાત' અભિયાનને વધુ વેગ આપી મહાઅભિયાન બનાવ્યું છે અને આ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પહેલું રાજ્ય છે. "મોતિયા અંધત્વ બેકલોગ મુક્ત ગુજરાત" કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૨ જાન્યુઆરીમાં રાજ્યમાં કાર્યરત ૧,૪૭૬ પ્રાથમિક, ૩૩૩ અર્બન, ૩૪૭ જેટલા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા મેડીકલ ઓફિસરને તેમજ ૫૦ હજારથી જેટલી આશા બહેનોને ખાસ તાલીમ આપવામાં આવેલ છે. રાજ્યની દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રાજ્યની ૧ રીઝ્યોનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપ્થલ્મોલોજી, ૨૨ મેડીકલ કૉલેજ, ૨૨ જિલ્લા હોસ્પિટલ, ૩૬ તાલુકા કક્ષાની હોસ્પિટલ અને ૧૨૮ સ્વૈચ્છિક સંસ્થાઓ પૈકી એક સંસ્થા ખાતે લીંક અપ કરવામાઆવેલ છે આ ઉપરાંત રાજ્યમાં સરકાર હસ્તકની હોસ્પિટલો તેમજ રાષ્ટ્રીય અંધત્વ અને દ્રષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ ખાતે મોતિયાના ઓપરેશનની જરૂરીયાત ધરાવતા દરેક દર્દીને ફેકોઈમલસીફીકેશન પદ્ધતિથી અત્યંત આધુનીક હાઈડ્રોફોબીક નેત્રમણિ સાથેનુ ઓપરેશન વિના-મુલ્યે કરીઆપવામાં આવે છે. જેનો ખાનગી હોસ્પિટલમાં ખર્ચ અંદાજીત રૂ. ૬૦ થી ૮૦ હજાર જેટલો થતો હોય છે.

મોતિયાના ઓપરેશનમાં રાજ્ય અગ્રેસર:

વર્ષ ૨૦૨૨થી કેન્દ્ર સરકારે ૫૦ વર્ષથી વધુ વય ધરાવતા નાગરિકોને મોતિયાના કારણે અંધ-ઘનિષ્ઠ દ્રષ્ટિખામી ધરાવતા વ્યક્તિઓના ઓપરેશન અંગે 'રાષ્ટ્રિય નેત્રજ્યોતિ અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર તરફથી 'રાષ્ટ્રીય નેત્રજ્યોતિ અભિયાન' અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ફળવાયેલ ૧,૨૬,૩૦૦ના લક્ષ્યાંકની સામે કુલ ૬,૩૬,૪૨૮ એટલે કે ૫૦૦ ટકાથી વધુ અને વર્ષ ૨૦૨૩-૨૪માં૧,૫૧,૭૦૦ના લક્ષ્યાંકની સામે કુલ ૬,૧૦,૪૦૦ એટલે કે ૪૦૦ ટકાથી વધુ મોતિયાના ઓપરેશન કરીને ગુજરાતે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૪-૨૫માં ફળવાયેલ૧,૭૬,૯૦૦ના લક્ષ્યાંક સામે જુલાઈ-૨૦૨૪ સુધીની સ્થિતિએ કુલ ૧,૫૨,૭૨૦ એટલે કે ૮૬ ટકા મોતિયાના ઓપરેશનની સફળતા મળી છે.

ઓપરેશન પછી ફોલોઅપ :

મોતિયા અંધત્વ બેકલોક મુક્ત ગુજરાત હેઠળ દરેક દર્દીની પ્રાથમિક નોંધણી, સંદર્ભ સેવા, ઓપરેશન સેવા તથા ફોલોઅપ સેવા સુધીની ડેટા એન્ટ્રી માટે વેબ પોર્ટલ લૉન્ચ કરવામાં આવ્યું છે. જેનું વેબએડ્રેસ https://cataractblindfree.gujarat.gov.in છે. સાથે જ, ઓપરેશન પછી દરેક દર્દીઓના માર્ગદર્શીકા મુજબ ૪૦ દિવસ સુધીના ૫ અંતરાળમા ફોલોઅપ લેવામાં આવે છે.

ચક્ષુદાન અને કીકી પ્રત્યારોપણમાં પણ ગુજરાત આગેકૂચ :

રાજ્યમાં વર્ષ ૨૦૨૦થી જુલાઈ-૨૪ સુધીની સ્થિતિએ કુલ ૨૦૮૧૮ ચક્ષુદાન અને ૪૭૦૧ કીકી પ્રત્યારોપણ કરવામાં આવ્યા છે. જે અંતર્ગતવર્ષ ૨૦૨૦-૨૧માં ૨,૫૩૬ચક્ષુદાન અને ૬૨૬ કીકી પ્રત્યારોપણ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૪,૬૫૫ ચક્ષુદાન અને ૧,૦૨૦ કીકી પ્રત્યારોપણ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૫,૪૪૧ ચક્ષુદાન અને ૧,૧૨૧ કીકી પ્રત્યારોપણ અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૬,૦૮૨ ચક્ષુદાન અને ૧,૪૫૪ કીકી પ્રત્યારોપણ થયા છે. જ્યારે, ચાલુ વર્ષમાં જુલાઈ-૨૪ સુધીની સ્થિતિએ ૨૧૦૪ ચક્ષુદાન અને ૪૮૦ કીકી પ્રત્યારોપણ થયા છે. સરકાર હસ્તક હોસ્પિટલો ખાતે ફરજ બજાવતા તમામ ઓપ્ટોમેટ્રીસ્ટને ચક્ષુદાન લેવા માટેની ૧૫ દિવસની સર્ટીફાઈડ તાલીમ પણ અપાઈ છે.

કમલમ્ ન્યુઝ,

આવનારી નવીન ગુજરાતી ફિલ્મ "ઉડન છું" નું શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, ભાટ ખાતે પ્રમોશન યોજાયું શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, ભાટ ખાતે "ઉડન છું" ગુજરાતી ફિલ્મના સ્ટારકાસ્ટ કલાકારો ફિલ્મના પ્રમોશન માટે આવ્યા હતા. તેઓએ સંસ્થા ના ૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરી "ઉડન છું" ફિલ્મના ડાયલોગ અને હુક સ્ટેપ કર્યા હતા. સંસ્થાના પ્રિન્સિપાલ અને સ્ટાફ મિત્રોએ "ઉડન છું" ફિલ્મના સફળતા માટે શુભેચ્છા પાઠવી કોલેજના પ્રિન્સિપાલ સાહેબ શ્રી એ ફુલ અને ભેટ સોગાદ થી અભિવાદન કર્યું.

કમલમ્ ન્યુઝ,નવસારી

ગઈકાલેથી પૂર્ણા નદીના ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને પગલે નવસારી અને ગણદેવી તાલુકામાં નીચાણવાળા વિસ્તારોમાં પુરના પાણી ભરાયેલ હતા. નવસારી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી લોકોને સલામત રીતે આશ્રયસ્થાન પર ખસેડવામાં આવ્યા હતા. આશ્રયસ્થાન પર હાલાકીનો સામનો ન કરવો પડે તે માટે તાત્કાલીક ધોરણે સતર્કતા રાખી રહેવા જમવાની તથા આરોગ્યની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી રહી હતી. આરોગ્ય વિભાગ સતત કરહી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડી રહ્યું છે. નવસારી જિલ્લાના આશ્રય સ્થાન પર આરોગ્ય સ્ટાફ દ્વારા આરોગ્ય કેમ્પ કરી નાગરિકોની તપાસ કરી ટેબ્લેટ તથા જરૂરી દવાઓ આપી હતી.

જામનગર વન વિભાગ દ્વારા અસરગ્રસ્ત થયેલ વિવિધ વિસ્તારોમાં મેડિકલ કેમ્પ તથા ભોજનની વ્યવસ્થા ઉભી કરાઈ

કમલમ્ ન્યુઝ,જામનગર

જામનગરમાં પડેલ અનરાધાર વરસાદના કારણે ઘણા વિસ્તારોમાં પાણી ભરાયા અને જેના કારણે લોકોની ઘર વપરાશની જરૂરી વસ્તુઓ પાણીમાં વહી જતા ભોજન સહિતની પ્રાથમિક સુવિધા માટે લોકોએ ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.ત્યારે જિલ્લા વહીવટી તંત્ર સાથે જામનગર વન વિભાગ પણ લોકોની વહારે આવ્યું અને અસર ગ્રસ્ત વિસ્તારોમાં ફૂડ પેકેટ તેમજ જરૂરી કીટનું વિતરણ કરવાની સાથે વન વિભાગ દ્વારા જામનગરના વિવિધ વિસ્તારોમાં પાણી ઉતરી ગયા બાદ લોકોને મેડિકલ સુવિધાની જરૂરિયાત જણાતા તાત્કાલિક મેડિકલ ટીમની વ્યવસ્થા કરી લોકોને સ્થળ પર જ મેડિકલ ટ્રીટમેન્ટ આપવામાં આવી. ધોરાજીના ડો.બશીર ગરાણા વન વિભાગની ટીમ સાથે અસરગ્રસ્ત વિસ્તારમાં લોકોને સારવાર આપવા ઉપસ્થિત રહ્યા અને વધારે પડતા પાણીના લીધે લોકોમાં ઉભી થયેલી તાવ, શરદી, ઉધરસ તેમજ

ચામડીને લગતા રોગોની સ્થળ પર જ સારવાર આપી જરૂરી નિદાન કર્યું. વન વિભાગે જરૂરિયાત વાળા વિસ્તારોમાં ૮૦૦ થી વધારે લોકોને મેડિકલ જરૂરિયાત તેમજ ભોજન પૂરું પાડેલ તો સાથે સાથે પશુ પક્ષીઓના જીવ ન જોખમાય તેની પણ કાળજી લીધી. વિવિધ વિસ્તારોમાં ખૂબ જ પાણી ભરાઈ જવાના કારણે પાણીની સાથે લોકોના ઘરોની અંદર સાપ સહિતના જીવજંતુઓ પણ આવી ચડ્યા જેનું તાત્કાલિક ધોરણે વન વિભાગે રેસક્યુ કરી તેઓને સલામત સ્થળે મુક્ત કરવામાં આવ્યા. વન વિભાગની રેસક્યુ ટીમ દ્વારા વરસાદ દરમિયાન કુલ ૧૭૭ જેટલા જીવોનું રેસક્યુ કરાયુ જેમા ૭૨ સાપ, ૧ નિલગાય, ૨ મોર, ૬૬ કબૂતર, ૯ બગલા તેમજ અન્ય ૨૭ જેટલા પક્ષીઓના રેસક્યુ કરી તેઓને ઠેબા ખાતે આવેલ વન વિભાગ જામનગરના અર્બન વાઈલ્ડ લાઈફ ELVP મરી એન્ડ પ્રાઈમરી ટ્રીટમેન્ટ સેલ પર સારવાર કરી ફરી તેના કુદરતી નિવાસસ્થાનમા મુકત કરવામાં આવેલ છે.

૩૧માં વર્ષમાં પ્રવેશ સાથે ૫૨ ગજની ધજા સાથે વ્યાસવાડી સંઘનું પગપાળા અંબાજી પ્રસ્થાન

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

માં અંબાના ધામે જવા ભાદરવી પૂનમના મેળાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે દૂર દૂરથી માઈભક્તો પગપાળા સંઘરૂપે અવિરત ચાલીને માં અંબાના દર્શને પહોંચતા હોય છે અને દર્શન કરી ધન્યતા અનુભવે છે. અમદાવાદના નવાવાડજ ખાતે આવેલ વ્યાસવાડી પગપાળા સંઘ તેની ૫૨ ગજની ધજા સાથે માં અંબાના ધામે છેલ્લા ૩૦ વર્ષથી અવિરત માં અંબાના ધામ અંબાજી જવા નીકળે છે.આ વખતે પણ આ સંઘ દ્વારા ૩૧માં વર્ષમાં પ્રવેશ કરતા ૫૨ ગજની ધજા સાથે અંબાજી પગપાળા જવા પ્રસ્થાન કર્યું હતું. અંબાજી જતા અગાઉ આ ૫૨ ગજની વ્યાસવાડી ખાતે ધજાપૂજા તેમજ મહાઆરતી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. મંત્રોચ્ચાર દ્વારા માં અંબાના રથનું પૂજન કરાયુ હતું અને તમામ સોસાયટીઓ પુષ્પની રંગોળી દ્વારા સુશોભીત કરવામાં આવી હતી. કાલે મહાઆરતી સાથે ધજા પુજા અને આજે સવારે ૬ કલાકે આ ૫૨ ગજની ધજાનો સંઘ માં અંબાના ધામે જવા જય અંબે બોલ મારી અંબેના નાદ સાથે પ્રસ્થાન થયો હતો. ૧૦મીએ અંબાજી ખાતે આ સંઘ દ્વારા રાસગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવશે અને ૧૧મીએ સવારે આ ૫૨ ગજની ધજા ચઢાવવામાં આવશે. આશરે ૧૨૫ થી ૧૫૦ લોકો આ સંઘમાં પગપાળા જોડાય છે અને માં અંબાના દર્શન કરે છે.

ઔદ્યોગિક અને વેપારી મંડળોને મળી આપદાનો તાગ મેળવતા ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી

વીમા કંપનીઓ સાથે સંકલન સાધી વેપારીના ક્લેઇમ ઝડપથી સેટલ થાય એવી કાર્યવાહી કરાશે

સરકારી વીમા કંપનીમાં ૮૫૦ અને ખાનગી કંપનીમાં ૬૦૦ જેટલા ક્લેઇમ આવ્યા

કમલમ્ ન્યુઝ,વડોદરા

વડોદરા શહેરમાં આવેલી આપદામાં નાગરિકોને સતત મદદરૂપ બની રહેલા પ્રભારી મંત્રી શ્રી હર્ષ સંઘવી આજે પુનઃ વડોદરા આવ્યા હતા. અહીં તેમણે વિવિધ વેપારી મંડળો, ઔદ્યોગિક એકમોના સંગઠનો સાથે બેઠક યોજી નુકસાનીનો તાગ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો. આ સાથે તેમણે સરકારી વીમા કંપનીના અધિકારીઓ સાથે પણ બેઠક યોજીને ક્લેઈમ સેટલમેન્ટની કાર્યવાહી ત્વરિત કરવા માટે જણાવ્યું હતું. તેમણે વીમા કંપનીઓને સર્વેની કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરાવવા માટે અનુરોધ કર્યો હતો. આ બાબતે રાજ્ય કક્ષાના અધિકારીઓ સાથે પણ બેઠક કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું. અત્યાર સુધીમાં સરકારી વીમા કંપનીમાં ૮૫૦ અને ખાનગી કંપનીમાં ૬૦૦ જેટલા ક્લેઈમ આવ્યા હોવાની વિગતો આપવામાં આવી હતી. વેપારી મંડળોની લાગણીને ધ્યાને રાખીને પ્રભારી મંત્રીશ્રીએ ઘટતા દસ્તાવેજોની પૂર્તતા કરાવવા માટે મદદ કરવા મહાપાલિકાને સૂચના આપી હતી. તેમણે કહ્યું કે, ગુમાસ્તા ધારા ઉપરાંત વેસ્ટ કલેક્શન માટેના પ્રમાણ પત્રો આપવા માટે ખાસ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવશે. આ બેઠકમાં ઔદ્યોગિક વિસ્તારોમાં વીજળી, સફાઈ, માર્ગોના રિપેરિંગ અને જીએસટી બાબતે વેપારી મંડળો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. જેનો ઉકેલ લાવવા માટે રાજ્ય મંત્રીશ્રીએ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પદાધિકારીઓ સાથે પણ તેમણે ચર્ચા કરી હતી અને આરોગ્ય સેવામાં તબીબીની મદદ મળશે, એવી ખાતરી મેળવી હતી. આ બેઠકમાં મેયર શ્રીમતી પિંકીબેન

સોની, સાંસદ ડો. હેમાંગ જોશી, ધારાસભ્ય સર્વ શ્રી યોગેશભાઈ પટેલ, મનિષાબેન વકીલ, કેયુરભાઈ રોકડિયા, કેતનભાઈ ઈનામદાર, અક્ષયભાઈ પટેલ, ચૈતન્યભાઈ દેસાઈ, ચૈતન્યસિંહ ઝાલા, સ્થાયી ચેરમેન ડો. શીતલ મિસ્ત્રી, અગ્રણી ડો. વિજય શાહ અને શ્રી સતિષભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી દિલીપ રાણા, કલેક્ટર શ્રી બિજલ શાહ, એમજીવીસીએલના એમડી શ્રી તેજસ પરમાર સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદમાં આ વર્ષે પણ નવરાત્રિમાં જીગ્નેશ કવિરાજ બોલાવશે ગરબાની રમઝટ

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

ગરબાનું નામ સાંભળતા જ દરેક ગુજરાતી અને અમદાવાદીઓના પગ થનગનવા લાગે છે. નવરાત્રિને હવે ગણતરીના જ દિવસો બાકી ત્યારે બધા આયોજકો નવરાત્રિની તૈયારીઓમાં લાગી ગયા છે. શહેરના માંઈવેન્ટ મેનેજમેન્ટ અને તક્ષ ડિજિટલ દ્વારા ભાડજ અમદાવાદમાં આવેલ જય માડી ફાર્મ ખાતે ૩ થી ૧૧ ઓક્ટોબર એટલે કે નવરાત્રિના ૯ દિવસ દરમિયાન "માં નવરાત્રિ"નું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રિમાં ગરબા રમવાની મજા ત્યારે જ આવે જ્યારે સામે ગરબા ગાનાર સુપરસિંગર હોય પણ પ્રખ્યાત જીગ્નેશ કવિરાજ નવરાત્રિના ૯ દિવસ દરમિયાન ગરબાની મોજ પડાવાના હોય ત્યારે વિચાર વાનું ના હોય. ગત વર્ષની જેમ આ વર્ષે પણ જીગ્નેશ કવિરાજ અમદાવાદમાં ગરબાની રમઝટ બોલાવશે. આ અંગે બોપલ, અમદાવાદ ખાતે આવેલ રાજ થાળમાં આયોજિત કાર્યક્રમમાં માં ઈવેન્ટ મેનેજમેન્ટના ફાઉન્ડર જય દીપસિંહ ગોહિલ તથા તક્ષ ડિજિટલના સભ્યો સહિત સિંગર જીગ્નેશ કવિરાજે નવરાત્રિમાં આયોજિત થનાર "માં નવરાત્રિ" અંગે માહિતી આપી હતી. આ વર્ષે ગરબાપ્રેમીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખેલૈયાઓ ગરબા રમવા આતુર છે. આયોજકો માં ઈવેન્ટ મેનેજમેન્ટ અને તક્ષ ડિજિટલ દ્વારા દરેક ખેલૈયાઓની સેફટી અંગે પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.તેમણે જણાવ્યું હતું કે, "આપણા ગરબા ટ્રેડિશનને સાચવીને સંગીતમાં થોડા પ્રયોગ કરીને ગરબા પરફોર્મ કરવામાં આવશે.ગરબા રમવા સ્થળ ગરબા રસિકોને પૂરતી જગ્યા પ્રદાન કરશે. નવરાત્રિના ૯ દિવસ દરમિયાન આશરે ૧,૫૦,૦૦૦નો ફૂટફોલ રહેશે અને ૧૨ જેટલાં ફુડસ્ટોલ્સ પણ હશે. આ એક એવો સમય છે જ્યારે લોકો ભેગા થાય છે, તેમની ચિંતાઓ ભૂલી જાય છે અને આપણી પરંપરા અને વારસાના ધબકાર પર નૃત્ય કરે છે.અમે આ ભવ્ય ઉજવણી રજૂ કરવા માટે રોમાંચિત છીએ, અને અમે દરેકને આનંદ અને ભક્તિની નવરાત માટે અમારી સાથે જોડાવા માટે આવકારીએ છીએ."ગાયક જીગ્નેશ કવિરાજે જણાવ્યું હતું કે, "ખેલૈયાઓ મારા માટે ઊર્જાનું કામ કરે છે અને તેમના થકી જ મને પોઝિટિવ વાઈબ્સ મળે છે. અમદાવાદમાં અલગ અલગ શહેરના લોકો વસે છે, જેથી ગુજરાતના દરેક લોકોને ગરબાની રમઝટ કરાવી શકું તે મારા માટે ગર્વની વાત છે.

ગત વર્ષે અમદાવાદીઓએ અભૂતપૂર્વ પ્રેમ આપ્યો છે અને આ વર્ષે પણ તેમનો ઉત્સાહ અને પ્રેમ જળવાઈ રહે તેવો સંપૂર્ણ પ્રયત્ન કરીશ. "માં નવરાત્રિ" થકી ગરબાની રમઝટ બોલાવીશું અને લોકોના ગરબા રમવામાં ઉત્સાહ સાથે આ નવરાત્રીમાં ચાર- ચાંદ લાગી જશે તે તો નક્કી જ છે."

વડોદરા ઉપર આવેલી આફતમાં રાજ્ય સરકાર સતત પડખે ઉભી રહી છે -ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી

મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જિલ્લા પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી પુનઃસ્થાપનના કાર્યોની કરી સમીક્ષા

કમલમ્ ન્યુઝ,વડોદરા

પ્રભારી મંત્રીશ્રી હર્ષ સંઘવી આજે વડોદરા દોડી આવ્યા હતા અને પૂર રાહત બાબતે જિલ્લા પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી પુનઃસ્થાપનની કામગીરી અંગે સમીક્ષા કરી હતી. તેમણે સર્વેની કામગીરીમાં પૂરજોશમાં કરાવવા માટે સંબંધિત અધિકારીઓને તાકીદ કરી હતી. આ બેઠકમાં ગૃહ રાજ્ય મંત્રી શ્રી સંઘવી સમક્ષ પ્રસ્તુત કરવામાં આવેલી વિગતો મુજબ વડોદરા શહેર અને જિલ્લામાં કુલ મળી ૧૯૯૦૪ વ્યક્તિનું સ્થળાંતર અને ૬૩૩૦ લોકોનો બચાવાયા હતા. પૂરના પાણી ઓસર્યા બાદ હાલમાં આરોગ્ય લક્ષી ઝૂંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં તબીબો ઘરે ઘરે જઈ લોકોના આરોગ્યની ચકાસણી કરે છે. આ ઉપરાંત વડોદરા શહેરમાં કેશડોલ્સ, ઘરવખરી સહાય અને મકાન સહાય માટે વડોદરા શહેરમાં ૧૨૦ તથા જિલ્લામાં ૫૦ મળી કુઇ ૧૭૦ ટીમો દ્વારા સર્વે અને ચૂકવણી સહાય કરવામાં આવે છે. વડોદરા શહેરમાં ૬૪૩૬૦ વ્યક્તિને રૂ. ૧.૭૬ કરોડની કેશડોલ્સ ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત વડોદરા ગ્રામ્યમાં ૨૦૬૧૦ વ્યક્તિને રૂ. ૫૬ લાખની કેશડોલ્સ ચૂકવાઈ છે. કુલ મળી ૮૪૯૭૦ વ્યક્તિને રૂ. ૨.૩૨ કરોડની સહાય ચૂકવાઈ છે. એ જ રીતે વડોદરા શહેર અને જિલ્લામાં કુલ મળી ૯૭૬૮ પરિવારોને રૂ. ૨.૪૪ કરોડ ઘરવખરી સહાય પેટે ચૂકવવામાં આવ્યા છે. વડોદરા શહેરમાં વીજ વિતરણ વ્યવસ્થા પણ પુનઃસ્થાપિત થઈ ગઈ છે અને હવે બેઝમેન્ટમાં પાણી ભરાયા હોય તેવા સ્થળે વીજ પૂરવઠો નથી. જિલ્લામાં કૃષિપાકોને થયેલા નુકસાન બાબતે ૧૮૮ અસરગ્રસ્ત ગામોમાં સર્વે કરવા માટે ખેતીવાડી ખાતા દ્વારા ૫૯ ટીમો કાર્યરત છે. પ્રભારી મંત્રીશ્રીએ જણાવ્યું કે, વડોદરા ઉપર આવેલી આફતમાં રાજ્ય સરકાર સતત પડખે ઉભી રહી છે. રાહતની કામગીરીમાં ઉદાત્ત ભાવે કામ કરવાનું છે.અસરગ્રસ્ત નાગરિકોની તકલીફ ઓછી થાય, મુશ્કેલી દૂર થાય એ રીતે સતત કર્મ કરવા ઉપર તેમણે તાકીદ કરી હતી. તેમણે એમ પણ જણાવ્યું કે, નુકસાનીના સર્વે માટે વધારાના માનવ સંસાધાનની જરૂરિયાત રહેતી હોય તો રાજ્ય સરકારમાં પ્રસ્તાવ કરવાની તુરંત તેને મોકલવામાં આવશે. આ બેઠકમાં મેયર શ્રીમતી પિંકીબેન સોની, સાંસદ ડો. હેમાંગ જોશી, ધારાસભ્ય સર્વ શ્રી યોગેશભાઈ પટેલ, મનિષાબેન વકીલ, કેયુરભાઈ રોકડિયા, કેતનભાઈ ઈનામદાર, અક્ષયભાઈ પટેલ, ચૈતન્યભાઈ દેસાઈ, ચૈતન્યસિંહ ઝાલા, સ્થાયી ચેરમેન ડો. શીતલ મિસ્ત્રી, અગ્રણી ડો. વિજય શાહ અને શ્રી સતિષભાઈ પટેલ, મ્યુનિસિપલ કમિશનર શ્રી દિલીપ રાણા, કલેક્ટર શ્રી બિજલ શાહ, એમજીવીસીએલના એમડી શ્રી તેજસ પરમાર સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કચ્છ જિલ્લામાં 'રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણીના સુચારું આયોજનને લઈને જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અદયક્ષસ્થાને બેઠક યોજાઈ

સમગ્ર સપ્ટેમ્બર મહિનાને 'પોષણ માસ' તરીકે ઉજવીને પૂરક આહાર, ગ્રોથ મોનિટરિંગ વગેરે પોષણ સંબંધિત પ્રવૃત્તિઓનું આયોજન કરાશે

કમલમ્ ન્યુઝ,ભુજ,

કચ્છ જિલ્લામાં 'રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણીના સુચારું આયોજનને લઈને જિલ્લા પંચાયત ખાતે ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારીશ્રી નિકુંજ પરીખના અધ્યક્ષસ્થાને સમીક્ષાબેઠક યોજાઈ હતી.

૦૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશમાં પોષણ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. રાજ્યમાં ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મહિલા અને બાળ વિકાસ કેન્દ્રીય મંત્રીશ્રી અન્નપૂર્ણાદેવી અને રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ભાનુબેન બાબરિયાએ પોષણ માસની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. આ કડીના ભાગરૂપે સપ્ટેમ્બર-૨૦૨૪માં સાતમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. આ બેઠકમાં આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસરશ્રી દશરથ પંડ્યાએ સૌ અધિકારીશ્રીઓને આવકારીને પોષણ માસના શુભારંભ અને ૭મા પોષણમાસની મુખ્ય થીમ એનિમિયા, ગ્રોથ મૌનીટરીંગ, પૂરક આહાર, પોષણ ભી પઢાઈ ભી, સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા ટેકનોલોજીનો ઉપયોગ તેમજ સર્વગ્રાહી પોષણ અંગેના આયોજન અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને અવગત કરાવ્યા હતા. પોષણ થીમ સાથે સંલગ્ન વિભાગો સાથે ચર્ચા કરીને પોષણ માસ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન યોગ્ય રીતે થાય તે સુનિશ્ચિત કરવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ઉપસ્થિત અધિકારીશ્રીઓને સૂચના આપીને જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. શહેરથી માંડીને ગ્રામ્યકક્ષા સુધી પોષણ માસ અંતર્ગત પ્રવૃતિઓ થાય તેબાબત ઉપર જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ ભાર મૂક્યો હતો. આરોગ્ય વિભાગનાસહયોગ અને સંકલનથી જિલ્લાના તમામ સબ સેન્ટર ઉપર એનિમિયા ટેસ્ટ કાર્યક્રમો યોજાય તેમજ "એક પેડ માં કે નામ" કાર્યક્રમ તમામ આંગણવાડી કેન્દ્રો, પંચાયતો, શાળાઓમાંયોજાય તેઅંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું. ઉલ્લેખનીય છેકે, કચ્છ જિલ્લામાં સપ્ટેમ્બર માસની તા.૦૧ થી તા.૩૦ તારીખ દરમિયાન પોષણ માસનીઉજવણી અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ બેઠકમાં તાલમી સનદી અધિકારી સુશ્રી ઈ. સુસ્મિતા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.રવિન્દ્ર ફૂલમાલી, જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી ડૉ.પવન મકરાણી, જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી ભૂપેન્દ્ર વાઘેલા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી સંજય ચૌધરી સહિત સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદના સાણંદ તાલુકાના વિવિધ ગામોમાં મકાનોને થયેલ નુકસાનીનો સર્વે શરૂ કરાયો

તાલુકા વહીવટી તંત્ર દ્વારા પાંચ ટીમો બનાવી ૨૦ જેટલાં અસરગ્રસ્ત ગામોમાં સર્વેની કામગીરી કરવામાં આવશે

કમલમ્ ન્યુઝ,

અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે. અને જિલ્લા વિકાસઅધિકારીશ્રી વિદેહ ખરેના માર્ગદર્શનમાં જિલ્લાભરમાં વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિથી થયેલી નુકસાની બાબતે વહીવટી તંત્ર અસરકારક કામગીરી કરીરહ્યું છે.

સાણંદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાંવરસાદથી નાગરિકોના મકાનોને થયેલી નુકસાનીનો સર્વે શરૂ કરવામાં આવ્યો છે. સમગ્ર તાલુકામાં સર્વેની કામગીરી માટે તાલુકા કક્ષાએ પંચ ટીમોની રચના કરવામાં આવી છે.

આ ટીમો દ્વારા સ્થળ મુલાકાત કરીઝીણવટપૂર્વકનો સર્વે હાથ ધર્યો છે. સાણંદના ઉપરદળ, વનાળીયા, માણકોલ, મેલાસણા, ઈયાવા સહિતના કુલ ૨૦ અસરગ્રસ્ત ગામોમાં સર્વેની કામગીરી કરવામાં આવી રહી છે. આ સર્વેના આધારે નુકસાનીનું આકલન કરીને સહાય અંગે નિર્ણય લેવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી શિવાની ગોયલના અધ્યક્ષ સ્થાને શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે 'કૉફી વીથ ડીડીઓ' - સંવાદ કાર્યક્રમ યોજાયો

શિક્ષક દિવસ અંતર્ગત શિક્ષકોને પુસ્તક આપી સન્માનિત કરાયા

કમલમ્ ન્યુઝ,

જિલ્લાવિકાસ અધિકારીશ્રી શિવાની ગેયલના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયત ભવનખાતે શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારાજિલ્લા પંચાયત પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકો સાથે 'કૉફી વીથ ડીડીઓ'- સંવાદ કાર્યક્રમ યોજાયોહતો. જેમાં સુરત જિલ્લાના માંડવી, માંગરોળ, મહુવા, કામરેજ, ચોર્યાસી, પલસાણા, ઓલપાડ, ઉમરપાડા અને બાર ડોલી સહિતના દરેક તાલુકામાંથી કુલ ૩૦ શિક્ષકો ઉપસ્થિત રહ્યાહતા. આગામી તા.૫મી સપ્ટે.-શિક્ષક દિવસ અંતર્ગત શિક્ષકોને પુસ્તક આપી સન્માનિત કરાયાહતા. વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યક્તિગત વિકાસમાટે ઉત્કૃષ્ટ કામગીરીબદલ પસંદગીપામેલા દરેક શિક્ષકોએ ડીડીઓશ્રી સાથે શાળાના વિકાસ, પોતાની વિશિષ્ટ શૈક્ષણિક કામગીરી, ખાસ ઉપલબ્ધિઓ તેમજ શાળામાં ચાલતી શિક્ષણ કે અન્ય પ્રવૃત્તિઓ વિષે ચર્ચા કરી હતી. સાથે જ

જિલ્લા કે રાજ્ય કક્ષાએ કબડ્ડી અને ખો-ખોની રમતમાં શ્રેષ્ઠ દેખાવ કરનારી જિલ્લાની ૪ શાળાઓને પ્રોત્સાહન રૂપે જિલ્લા વિકાસ અધિકારીની ગ્રાન્ટમાંથી નાણાંની ફાળવણી

શિક્ષકોએ શાળાના બિલ્ડિંગ, ભૌતિક સુવિધાઓ, અને રમત-ગમતની પ્રવૃત્તિઓને લગતી કેટલીક સમસ્યાઓ વિષેપણ જણાવ્યું હતું, જે અંગે જિલ્લા વિકાસ અધિકારીએ તેઓને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ડીડીઓશ્રીએ સમાજમાં શિક્ષક અને શિક્ષણનું મહત્વ જણાવી ઉપસ્થિત દરેક શિક્ષકોની શાળા અને બાળકો પ્રત્યેની તેઓની ઉત્તમ કામગીરી માટે સરાહના કરી હતી. વિવિધ તાલુકાના અંતરિયાળ ગામડાઓમાં રહીને ગરીબ/પછાત/આદિવાસી સમાજના બાળકોને નિયમિત શાળાએ બોલાવવા અને સારામાં સારૂ શિક્ષણ પ્રદાન કરવાના તેમના નિઃસ્વાર્થ જુસ્સાને બિરદાવ્યો હતો. સાથે જ શિક્ષકોના શિક્ષણ, શાળા કે અન્ય પ્રશ્નોને સાંભળી તેના નિવારણની ખાતરી આપી હતી. તેમણે દરેક તાલુકામાં વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભાવિ માટે જરૂરી એવા શૈક્ષણિક કાર્યને વધુ સુગમ બનાવવાના હેતુસર શિક્ષકો પાસેસૂચનો માંગી તેનાપર યોગ્ય કાર્યવાહી કરવાઅને ભવિષ્યમાંબાળકોના શિક્ષણ કે તેને લગતી કોઈ પણ સમસ્યા માટે હરહંમેશ શિક્ષકોની પડખે ઊભા રહી પર્યાપ્ત મદદ કરવાનું આશ્વાસન આપ્યું હતું. વધુમાં જિલ્લાની પ્રા. શાળાઓમાં ભણતરની સાથે રમત-ગમત ક્ષેત્રને પ્રોત્સાહન આપવા ડીડીઓશ્રીએ તેમની ફંડ ગ્રાન્ટમાંથી નાણાની ફાળવણી કરી હતી. જે અંતર્ગત જિલ્લા કે રાજ્ય કક્ષાએ કબડ્ડી અને ખો-ખોની રમતમાં શ્રેષ્ઠ દેખાવ કરનારીસુરત જિલ્લાની ૪ પ્રાથમિક શાળાઓમાં કબડ્ડીમેટ, ખો-ખો પોલ, ટી શર્ટ અને શૂઝ સહિતની વસ્તુઓની વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

રૂપાલના પ્રાચીન છત્રીસા મહાદેવે પવિત્ર શ્રાવણ માસની સોમવતી અમાસે યજ્ઞા અને પૂજન વિધિ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામના સતત પાંચ ટર્મ સુધી ધારાસભ્ય પદે રહેલા સ્વ. લાલસિંહજી કે. રહેવર પરિવાર દ્વારા રૂપાલમાં આવેલ પ્રાચીન છત્રીસા મહાદેવે પવિત્ર શ્રાવણ માસનીસોમવતીઅમાસેયજ્ઞ અને પૂજન વિધિનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ, શોભનાબેન બારૈયા, ધારાસભ્ય વી.ડી. ઝાલા, જીલ્લા ભાજપ પ્રમુખ, કનુભાઈ પટેલ, મહામંત્રી, વિજયભાઈ પંડ્યા, પૂર્વ પ્રદેશ સોશિયલ મીડિયા ઈન્ચાર્જ, સિદ્ધાર્થભાઈ પટેલ, એપીએમસી ચેરમેન, જયેશભાઈપટેલ, જીલ્લા ઉપપ્રમુખ, જયંતીભાઈ પટેલ, મંડલ પ્રમુખ, હસમુખભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય, મણિલાલ વાઘેલા, મહેન્દ્રસિંહ બારૈયા, તાલુકા મહામંત્રી, રાજેન્દ્રસિંહ પઢીયાર, ભંવરસિંહ ચૌહાણ, તાલુકાપ્રમુખ, હિતેશભાઈ પટેલ, યશવંતભાઈ પટેલ, એપીએમસી ડિરેક્ટર, ભોગીલાલપટેલ, સુધીરભાઈ પટેલ, પૂર્વ તાલુકા પ્રમુખ, દિલીપસિંહ રહેવર, માલધારી સેલના પ્રમુખ, ઓધારભાઈ દેસાઈ, સિનિયર કાર્યકર્તા ભગીરથસિંહ ઝાલા, ભરતસિંહ ઝાલા, નારાયણભાઈ, ખેડ, ગણપતભાઈ પટેલ, જીલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી તેમજ અદાપુર સરપંચ, શૈલેષસિંહ ડાભી, તાલુકા બક્ષીપંચ મોરચાના મહામંત્રી, જયેશભાઈ બારોટ, પત્રકાર નટવરભાઈપટેલ (સંદેશ), તાલુકા સદસ્ય, દક્ષાબેન પટેલ, પ્રવીણસિંહ રાઠોડ, ગોબરસિંહ ચૌહાણ, મહેન્દ્રસિંહ ચૌહાણ, મ્ઢ ગુપના ભુપેન્દ્રસિંહ ઝાલા, હરપાલસિંહ ઝાલા, પૂર્વ જીલ્લા પંચાયત સદસ્ય, રણજીતસિંહ સોલંકી, પૂર્વ તાલુકાપંચાયતપ્રમુખ, વિનોદભાઈ પટેલ, તાલુકા ઉપપ્રમુખ, પરશુરામભાઈ ઓડ, બક્ષીપંચ મોરચા પ્રમુખ, વનરાજસિંહ રાઠોડ, મહેન્દ્રભાઈ પટેલ, પ્રભારી પ્રાંતિજ, ભગાભાઈ પરમાર, રાજુભાઈ પંચાલ, સિનિયરરાજકીય આગેવાન જે પી ઝાલા, ડાહયાભાઈ પારેખ, જશવંતસિંહ ચૌહાણ, પેઢમાલા સરપંચ, ડી.કે. પરમાર, રાયગઢ સરપંચ, જેસિંગભાઈ ચૌધરી, પૂર્વ આચાર્ય, રમેશભાઈ પટેલ, સામાજિક અગ્રણી મુકેશભાઈ ભટ્ટ, ભાવેશસિહ ચૌહાણ, પીપળીયા ના આગેવાન બળવંતસિંહ સોલંકી, સરપંચ રખીબેન રાઠોડ, આડા હાથરોલ, સરપંચ જયદીપસિંહ રાઠોડ, આજુબાજુના ગામમાંથી મોટી સંખ્યામાં પધારેલા ભાજપના કાર્યકરો, કડવુંસિંહ ચૌહાણ, ઘનશ્યામભાઈ પટેલ, કાંતિસિંહ ચૌહાણ, નરેન્દ્રસિંહ ચૌહાણ, સતિષભાઈ પ્રજાપતિ, અનિલસિંહ ચૌહાણ, સરપંચ પોપટ સિંહ ચૌહાણ, સરપંચ અભેસિંહ, અર્જુનસિંહ, પ્રકાશભાઈ પટેલ, સુરેશસિંહ, પમાભાઈ વણકર, યુવા કાર્યકર ગાંભોઈ, છત્રસિંહ ઝાલા, પુષ્પરાજસિંહ અને તેમની ટીમ, કનકસિંહ વજાપુર, તખતસિંહ, નરોડા, જવાનપુરા સરપંચ, બળવંતસિંહ, વિજયસિંહ ચૌહાણ, કલ્પેશચૌહાણ, રાયપુર, ધવલ પટેલ રાયગઢ, પૂર્વ સરપંચ બામણા, રાજેન્દ્રસિંહ જોધા, ભગવાનદાસ ચૌધરી, ગાંભોઈ, અભેસિંહ રાજપુર, કિરીટભાઈ પ્રજાપતિ ભાવપુર, સઢાસરપંચ, રાજેન્દ્રસિંહ રાઠોડ, પ્રવીણભાઈ પટેલ મનોરપુર, નાદરીના અરવિંદભાઈ બારોટ, રાજુભાઈ બારોટ, બળવંતસિંહ વજાપુર, સોમસિંહ નિકોડા, ગોવિંદભાઈ પટેલ, નરેન્દ્રસિંહ, રૂપાલ હાઈસ્કુલ સ્ટાફ તેમજ ખૂબ જ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રામપુર થી પીંપળીયા તેમજ રૂપાલ કંપાને જોડતો નવીન માર્ગમંજૂર કરવાબદલ માનનીય ધારાસભ્ય વી. ડી.ઝાલાનુ સન્માન રૂપાલ, રામપુર અને પીપળીયાના ગ્રામજનોએ કરી આભાર વ્યક્ત કર્યો હતો. તેમ જ પંખી ઘરનું પણ ખાતમહૂર્ત કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગના યજમાનશ્રી સ્વ. લાલસિંહજી રહેવર ના ધર્મપ્રેમી પરિવારના ભરતસિંહજી રહેવર (પૂર્વ પ્રમુખ, અરવલ્લી જીલ્લા ભાજપ), ગજેન્દ્રસિંહજી રહેવર, મહેન્દ્રસિહજી રહેવર (મહામંત્રી,સા.કાં.જીલ્લા ભાજપ) ધનરાજસિંહજી રહેવર તથા રૂપાલ ગ્રામજનો દ્વારા સમગ્ર કાર્યક્રમમાં સહભાગી બનનાર તમામ રાજકીય, સામાજિક, ધાર્મિક આગેવાનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત તમામે દર્શન, પ્રદક્ષિણા તથા મહાપ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવીહતી. હર હર મહાદેવના નાદથી શિવાલય ગુંજી ઉઠ્યું હતું.

ગાંધીનગર જિલ્લામાં યોજાનાર દશમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમના સુચારું આયોજન અર્થે જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવેના અદયક્ષ સ્થાને બેઠક યોજાઈ

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૭મી સપ્ટેમ્બર થી તા. ૩૧મી ઓકટોબર દરમ્યાન સેવાસેતુ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર જિલ્લામાં તાલુકા કક્ષાએ ત્રણ તબક્કામાં અને નગરપાલિકા – મહાનગરપાલિકામાં બે તબક્કામાં સેવાસેતુ કાર્યક્રમ યોજાશે.

કમલમ્ ન્યુઝ,ગાંધીનગર:

ગાંધીનગર જિલ્લામાં દશમા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમનો આરંભ તા. ૧૭મી સપ્ટેમ્બરથી કરવામાંઆવશે. આ કાર્યક્રમ તા. ૩૧મી ઓકટોબર સુધી નગરપાલિકા-મહાનગરપાલિકા કક્ષાએ બે તબક્કામાંઅને તાલુકા કક્ષાએ ત્રણ તબક્કામાં યોજાવામાં આવશે. આ કાર્યક્રમના સુચારું આયોજન અર્થે જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ દવેના અધ્યક્ષ સ્થાને જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. સેવાસેતુ કાર્યક્રમ થકી રાજ્ય સરકારની પંચાવનથીવધુ યોજના અને સેવાઓનો લાભ નાગરિકોને ઘરઆંગણે અપાશે. આ બેઠકમાં સમગ્ર રાજ્યમાં ગુજરાતના સપૂત અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ એટલે કે તા. ૧૭મી સપ્ટેમ્બરથી રાજ્ય સરકારનો ફ્લેગશીપ કાર્યક્રમ સેવાસેતુનો આરંભ થવાનો છે.

ગાંધીનગર જિલ્લામાં તા. ૧૭મી સપ્ટેમ્બર ના રોજ તમામ તાલુકા, નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ આગામી તા. ૩૧મી ઓકટોબર સુધીયોજવામાં આવશે. આ કાર્યક્રમનું સુચારું આયોજન તાલુકા કક્ષાએ પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળકરવામાં આવશે. તમામ તાલુકામાં સેવાસેતુ કાર્યક્રમ ત્રણ તબક્કામાંયોજવામાં આવશે. જેમાં કલસ્ટરનુસાર ગામોની વહેંચણી કરીને ચાર- પાંચ ગામ વચ્ચે સેવાસેતુ કાર્યક્રમ યોજાશે. નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ બે તબક્કામાં યોજવામાં આવશે. જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, વરસાદી માહોલ હોવાથી જે ગામમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાય ત્યાં સ્થળ પસંદગી યોગ્ય કરવી, જેથી વરસાદ આવે તો પણ આ કાર્યક્રમ શાંતિથી પૂર્ણ કરી શકાય. તેની સાથે જે કલસ્ટરમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાનારછે, તેનીજાણ તે કલસ્ટરના ગામોમાં બે દિવસ પહેલા કરવામાંઆવે, જેથી વધુમાં વધુ ગ્રામજનો આ સેવાસેતુ કાર્યક્રમનો લાભ લઈ શકે. સેવાસેતુ કાર્યક્રમમાંઆસપાસના ગામમાંથી આવતા નાગરિકોને સ્થળ પર પીવાના પાણીની સુવિધા, લીંબુ શરબત કે ચા અને શૌચાલયની યોગ્ય સુવિધા કરવા પણ જણાવ્યું હતું. તેની સાથેવરસાદી માહોલમાં જે લાભાર્થીકે નાગરિક આવ્યા છે, તેમને અચાનક વરસાદ આવે તો યોગ્ય સુવિધા મળી રહે તે વાતને પણ પ્રાધાન્ય આપવું. તેમજ ગ્રામજનોનું કાર્યસરળતાથી, ઝડપી અને શાંતિપૂર્ણ માહોલમાંપૂર્ણ થાય તેની ખાસ તકેદારી રાખવા પણ જણાવ્યું હતું. સેવાસેતુ કાર્યક્રમ દરમ્યાન અરજદારને ફોર્મ ભરવામાં મદદ મળી રહે તે માટે ચોક્કસ માર્ગદર્શન આપે તેવી સુવિધા પણ રાખવાની સૂચના સંબંધિત કચેરીના અધિકારીઓને આપી હતી. આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર શ્રી દિગંત બ્રહ્મભટ્ટ, ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી બ્રિજેશ મોડિયા, ગાંધીનગર મામલતદાર શ્રી હરેશપટેલ સહિત સંબંધિત અધિકારીઓ કલેકટર કચેરી ખાતે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તમામ તાલુકાના પ્રાંત અધિકારી, મામલતદારશ્રીઓ અને સંબંધિતઅધિકારીઓ ઓનલાઈન બેઠકમાં સહભાગીબન્યા હતા.

ભારતીય માનક બ્યુરો, અમદાવાદના હિમતનગર, જિલ્લા સાબરકાંઠા ખાતે જ્વેલર્સ પર એન્ફોર્સમેન્ટ દરોડા

કમલમ્ ન્યુઝ,

૦૨.૦૯.૨૦૨૪ના રોજ મેસર્સ કેએમપી જ્વેલર્સ, મેસર્સ વીજે જ્વેલર્સ અને મેસર્સ સીએચ જ્વેલર્સ, હિમતનગર, જિલ્લા સાબરકાંઠા ખાતે ભારતીય માનક બ્યુરો (BIS), અમદાવાદના અધિકારીઓની બનેલી ટીમ દ્વારા એન્ફોર્સમેન્ટ દરોડા પાડવામાં આવ્યા હતા. કામગીરી દરમિયાન, ઉપરોક્તજ્વેલર્સ નકલી હોલ માર્કિંગ સાથે તેમજ હોલમાર્કિંગ (હોલમાર્કિંગ યુનિક આઈડેન્ટિફિકેશન (એચયુઆઈડી) વિનાના ઘરેણાં વેચતા જોવા મળ્યા હતા. ઓપરેશનદરમિયાન ૨૪૧ ગ્રામ સોનાના દાગીના જપ્ત કરવામાંઆવ્યા હતા નકલી અથવા હોલમાર્કિંગ (HUID) વિનાના સોનાનાદાગીનાનું વેચાણએ BIS એક્ટ ૨૦૧૬ની કલમ ૧૫નું ઉલ્લંઘનછે. આગુના માટેએક વર્ષ સુધીની કેદ અથવા ન્યૂનતમ રૂ. ૧,૦૦,૦૦૦નાદંડની સજાછે, જે બીઆઈએસ એક્ટ ૨૦૧૬ની કલમ ૨૯મુજબ સ્ટાન્ડર્ડમાર્ક લાગુ કરાયેલ ઉત્પાદિત અથવા વેચેલ અથવા વેચવા અર્થે લગાવેલ માલ અથવા આર્ટિકલના મૂલ્યના પાંચ ગણા સુધી વિસ્તૃત થઈ શકે છે અથવા બંને સાથે સજાપાત્રથઈ શકે છે. વધુમાં, HUID નંબર ફીડ કરીને BIS કેર મોબાઈલ એપમાં હોલમાર્કિંગની અધિકૃતતા ચકાસી શકાય છે. ભારતીય માનક બ્યુરો સામાન્ય ઉપભોક્તાનીસુરક્ષા માટે નકલી હોલમાર્ક અથવા HUID વિના ઘરેણાં વેચવા વિશે માહિતી પ્રાપ્ત થતાંની સાથે શ્રેણીબદ્ધ દરોડા પાડી રહ્યુંછે. HUID વિનાઅથવા નકલી હોલમાર્કિંગ સાથે ઘરેણાં વેચતા જ્વેલર્સ વિશેની માહિતી ધરાવતી કોઈપણ સંસ્થા પ્રમુખ, ભારતીય માનક બ્યૂરો, ત્રીજોમાળ, નવજીવન અમૃત જયંતી ભવન, ગુજરાત વિદ્યાપીઠની પાછળ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૧૪, ફોનનં. ૦૭૯-૨૭૫૪૦૩૧૪ પરલખી શકે છે. ફરિયાદ ahbo@bis.gov.in અથવા complaints@bis.gov.in સરનામાં પર ઈમેઈલ દ્વારા અને BIS કેર એપદ્વારા પણફરિયાદ કરીશકાય છે. માહિતી આપનારની ઓળખ સખ્ત રીતે ગુપ્ત રાખવામાં આવશે.

એકસેસ પ્રદાતાઓએ TRAIના નિર્દેશ પર સ્પામિંગ માટે ૫૦ એન્ટિટીને બ્લેકલિસ્ટ કરી

કમલમ્ ન્યુઝ,

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (TRAI) એ વર્ષ ૨૦૨૪ (જાન્યુઆરીથી જૂન) ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં અનરજિસ્ટર્ડ ટેલિમાર્કેટર્સ (UTMs) વિરુદ્ધ ૭.૯ લાખથી વધુ ફરિયાદો સાથે સ્પામ કૉલ્સમાં નોંધપાત્ર વધારો જોયો છે. આ મુદ્દાને ગંભીરતાથી લેતા, TRAIએ ૧૩મી ઓગસ્ટ ૨૦૨૪ના રોજ તમામ એક્સેસ પ્રોવાઈડર્સનેકડક નિર્દેશોજારી કર્યા હતા. તેણે એસઆઈપી, પીઆરઆઈ અથવા અન્ય ટેલિકોમ સંસાધનોનો ઉપયોગ કરીને અનરજિસ્ટર્ડ પ્રેષકો અથવા ટેલિમાર્કેટર્સ તરફથી પ્રમોશનલ વૉઈસકૉલ્સને તાત્કાલિકબંધ કરવા માટે એક્સેસ પ્રદાતાઓને આદેશ આપ્યો છે. કોઈપણ UTM આ સંસાધનોનો દુરુપયોગ કરતું હોવાનું જણાયું છે, તેને ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે, જેમાં બે વર્ષ સુધી તમામ ટેલિકોમ સંસાધનોને ડિસ્કનેક્ટ કરવા અને બ્લેકલિસ્ટિંગનો સમાવેશ થાય છે. આ દિશાનિર્દેશોના પરિણામે, એક્સેસ પ્રદાતાઓએ સ્પામિંગ માટે ટેલિકોમ સંસાધનોના દુરુપયોગ સામે કડક પગલાં લીધા છે અને ૫૦થી વધુ એન્ટિટીઓને બ્લેકલિસ્ટ કરી છે અને ૨.૭૫ લાખથીવધુ SIP DID/મોબાઈલ નંબર્સ/ટેલિકોમ સંસાધનોને ડિસ્કનેક્ટ કર્યા છે. આ પગલાંથી સ્પામકોલ્સ ઘટાડવાઅને ગ્રાહકોને રાહત આપવાપર નોંધપાત્ર અસર થવાની અપેક્ષા છે. TRAI તમામ હિતધારકોને નિર્દેશોનુંપાલન કરવા અને સ્વચ્છ અને વધુ કાર્યક્ષમ ટેલિકોમ ઈકોસિસ્ટમમાં યોગદાન આપવા વિનંતીકરે છે.

સર્વે શક્તિપીઠોમાં અંબાજી શીરમોર સમાન:મૂર્તિના સ્થાને અહીં વિસાયંત્રની પૂજા

દાંતા સ્ટેટ સમયથી સિદ્ધપુરના બ્રાહ્મણો અંબાજી માતાની પૂજા કરે છે, પૂજા કરવા માટે ભટ્ટજીએ દીક્ષિત બનવું પડે છે

વર્ષ ૧૯૮૫થી મંદિરના વહીવટ માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ બનાવવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,

અરવલ્લીની ગિરિમાળા વચ્ચે આવેલું તીર્થધામ અંબાજી ૫૧ શક્તિપીઠોમાંનું એક છે. તંત્ર-ચુડામણીમાં આપ૧ શક્તિપીઠોનો ઉલ્લેખ જોવા મળે છે. આ સર્વે શક્તિપીઠોમાંઆરાસુરનાઅંબાજી ખાતે આવેલ શક્તિપીઠ પ્રાચીન શક્તિપીઠોમાં શીરમોર સમાન છે કારણકે અહીંમાનું હૃદય પડ્યું હતું. અંબાજી માતાનું મૂળ મંદિર બેઠા ઘાટનું છે. વિશાળ મંડપ અને ગર્ભગૃહ માં માતાજીનો ગવાક્ષ ગોખ છે. અહીં મૂર્તિના સ્થાને વિસા યંત્રની પૂજા થાય છે. આરસની તકતી ઉપર સુવર્ણ જડિત યંત્રને મુગટ તથા ચુંદડી સાથે સિંહ, વાઘ, હાથી, નંદી, ગરૂડ જેવા વિવિધ વાહનો સાથે શણગાર કરવામાં આવે છે જેથી માતાજીની મૂર્તિ હોવાનોભાસ થાય છે. આયંત્ર કૂર્મ પૃષ્ઠવાળું સોનાનું છે અને યંત્રમાં એકાવનઅક્ષર હોવાનું પ્રમાણ છે. યંત્ર સ્થાન નજરથી જોવાનો નિષેધ હોય આંખે પાટા બાંધી યંત્ર પૂજા કરવામાં આવે છે. દર મહિનાની આઠમે યંત્રની પૂજા થાય છે. આ યંત્ર કલ્પવૃક્ષ સમાન ગણાય છે. મંદિરની સામેની બાજુમાં ચાચરચોક આવેલો છે. અંબાજી માતા ચાચરના ચોક વાળી માતા તરીકે પણ જાણીતાછે. અહીંચોકમાં હોમ હવન કરાય છે. માતાજીનું સવારનું સ્વરૂપબાળસ્વરૂપે દેખાય છે, મધ્યાહને યુવતી સ્વરૂપે અને સાંજે વૃદ્ધા સ્વરૂપે દેખાય છે. માતાજીની સાતેય દિવસની સવારી અલગ અલગ હોય છે. રવિવારે વાઘસવારી, સોમવારે નંદી સવારી, મંગળવારે સિંહ સવારી, બુધવારે ઊંચી સૂંઢના હાથીની સવારી, ગુરુવારે ગરુડ સવારી, શુક્રવારે હંસ સવારીઅને શનિવારે નીચી સૂંઢના હાથી (ઐરાવત)ની સવારીમાં મા દ્રશ્યમાન થાય છે. પોષી પૂનમ માતાજીનો પ્રાગટ્ય દિવસ તરીકે ભવ્ય રીતે ઉજવાય છે. આ દિવસે ગુજરાત અને આજુબાજુના રાજ્યોમાંથી પણ દર્શનાર્થીઓના સંઘ પગપાળા તેમજ વાહનો સાથે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ભાદરવી પુનમના દિવસે અહી મેળાનું આયોજન થાય છે. અંબાજી ગામ શણગાર સજે છે. આ દિવસે 'શતચંડી યજ્ઞ' કરવામાં આવે છે અને માતાજીને છપ્પન ભોગ ધરાવવામાં આવે છે. અંબાજી મંદિરનો વહીવટ આઝાદી પહેલાં દાંતા રાજ્ય તરફથી થતો હતો. આઝાદી બાદ દાંતા રાજ્ય ગુજરાતમાં ભળી જતા ૧૯૮૫થી મંદિરના વહીવટ માટે શ્રી આરાસુરી અંબાજીમાતા દેવસ્થાન ટ્રસ્ટ બનાવવામાં આવ્યું જેના અધ્યક્ષ તરીકે બનાસકાંઠાના કલેક્ટરનેનિયુક્ત કરાયાછે. જ્યારે વહીવટદાર તરીકેનાયબ ક્લેક્ટરની નિયુક્તિ કરાય છે.

અંબાજી મંદિરમાં જગતજનની જગદંબાની આરતી મંદિરના ભટ્ટજી મહારાજ દ્વારા થાય છે. સ્નાનાદિ વિધિ બાદ આરતી કરવા પહોંચતા ભટ્ટજી મહારાજને અડવા પર નિષેધ છે. સાંજે મશાલચી દ્વારા મશાલ જગદંબાને અર્પણ કર્યા બાદ જ આરતી શરૂ થાય છે. દાંતા સ્ટેટના સમયથીસિદ્ધપુરનાભૂદેવો ભટ્ટજી પરિવારને જ આરતી અને પૂજાવિધિના હક મળેલા છે. સવારે મંગળાઆરતી, સાંજેસાયં આરતી, બપોરે મધ્યાહ્નઆરતી થાય છે. વર્ષ દરમિયાન અખાત્રીજથી અષાઢી બીજ સુધી ત્રણ ટાઇમ આરતી કરવામાંઆવે છે.

કૃષિ વિજ્ઞાાન કેન્દ્ર, કોડીનારની મુલાકાત લેતા સી.આઇ.એફ.ટી.-આઇ.સી.એ.આર.ના વૈજ્ઞાાનિકો

કે.વી.કે દ્વારા પ્રાકૃતિક કૃષિ એકમ, ડેમો યુનિટ સહિતની વિવિધ પ્રવૃત્તિઓને બીરદાવી

કમલમ્ ન્યુઝ,સોમનાથ

સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફિશરીઝ તેમજ ઈન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ વેરાવળની ટીમે નિરિક્ષણ હેતુથી કોડિનારના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન મુખ્ય નિરિક્ષક સિનિયર વૈજ્ઞાનિક અને ઈન્ચાર્જ, સી.આઈ.એફ.ટી, ડૉ. આશિષકુમાર ઝા તેમજ ડૉ. ચિન્નાદુરાઈ રહ્યાં હતા. કે.વી.કેના વડા શ્રી જીતેન્દ્રસિંહ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રની વિવિધ પ્રવૃત્તિઓ તેમજ ટીમ દ્વારા કરવામાં આવેલી પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતગાર કરાવવામાં આવ્યાં હતાં. મહાનુભાવોએ કે.વી.કે ટીમ સાથે વાર્તાલાપ પણ કર્યો અને પ્રાકૃતિક કૃષિએકમ, રેડિયો સ્ટેશન, માટી, પરીક્ષણ લેબ, હોમ સાયન્સ લેબ, પાક કાફેટેરિયા, એઝોલા યુનિટ, વર્મીકમ્પોસ્ટ યુનિટ, આઈએફએસ પોલ્ટ્રી કમ ફિશ યુનિટ અને એફ.પી.ઓ.ની મુલાકાત લીધી હતી. ફિલ્ડ વિઝિટ દરમિયાન તમામ વૈજ્ઞાનિકોએ શ્રી રામસિંહભાઈ ડોડિયા, પાંચ પીપળવામરીન વોટર બાયો ફ્લોક ઝીંગા ઉછેરના ક્ષેત્રની મુલાકાત લીધી હતી અને કંટાળા ગામ ખાતે શ્રી રામભાઈની વાડીએ ખેડૂતો સાથે કિસાન ગોષ્ઠીમાં કેવિકેની પ્રવૃત્તિઓ વિષેચર્ચા કરીહતી અને સીઆઈએફએલડીના મગફળીના પ્લોટની અને અરણેજ ખાતે સોયાબીનના પ્લોટની મુલાકાત લીધી હતી. વધુમાં તમામ વૈજ્ઞાનિકોએ ટોબરા ગામના શ્રીમતિ ક્રિષ્નાબેનના ઘરે ખેત મહિલાઓ સાથે કિસાન ગોષ્ઠી યોજીહતી. ત્યારબાદવેરાવળખાતે શ્રી જેઠાભાઈ રામના મધુવન મધમાખી ફાર્મની મુલાકાત લીધી અને બન્ને મુલાકાતીઓએ કેવિકે ટીમ દ્વારા ખેડૂતો માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

કમલમ્ ન્યુઝ,

ગીર સોમનાથ જિલ્લામાં વરસાદે વિરામ લેતા કોડિનાર નગર પાલિકાનાંચીફ ઓફિસર શ્રી વિનોદરાઠોડના માર્ગદર્શન હેઠળ કોડિનાર શહેરી વિસ્તાર તેમજ વેરાવળ હાઈવે રોડ ઉપર સફાઈ કામદારો દ્વારા સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સાવચેતી એ જ સલામતી: ચોમાસાની ઋતુમાં મચ્છરજન્ય રોગોથી બચવાં આટલું જરૂર કરીએ

મેલેરિયા, ડેન્ગ્યુથી બચવા ઘરની આજુબાજુ પાણીનો ભરાવો ન થવા દેવો

મચ્છરદાનીનો ઉપયોગ કરોઃ ચોખ્ખા પાણીનાં સંગ્રહની તમામ જગ્યાઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખો

કમલમ્ ન્યુઝ,નવસારી,

ચોમાસાની ઋતુ દરમિયાન પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાની સ્થિતિ સર્જાય નહીં તે માટે અગમચેતી રાખવી જરૂરી છે. ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુનિયા જેવા ગંભીર રોગોસામે રક્ષણ મેળવવા માટે કેટલાક તકેદારીના પગલાલઈએ તેહિતાવહ છે.સોસાયટીમાં અને મકાનમાં છત સહિતની જગ્યાઓ પર પાણીનો નિકાલ કરવો, તાવ કે અન્ય લક્ષણો જણાય તો તાત્કાલિક ડોક્ટરની સલાહ લેવી, પક્ષીખાના, કુંડા,ટાયર, ભંગારનોસામાન વગેરેમાંભરાયેલાપાણીનોનિકાલ કરવો, સૂતી વખતે મચ્છરદાનીનો ઉપયોગ કરવાથી મચ્છરથી બચી શકાય છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલાઅગમચેતીના પગલાને અનુસરીમચ્છરજન્ય રોગોથી બચી શકાય છે. તાવ આવે તો આરોગ્ય કાર્યકર પાસે લોહીની નિ:શુલ્ક તપાસ કરાવવી, મેલેરિયા હોય તો, સંપૂર્ણ સારવાર કરાવવી. સામાન્ય રીતેમેલેરિયાનો ફેલાવો માદાએનોફિલિસ મચ્છર દ્વારાથાય છે. મેલેરિયા સામે સાવચેતી રાખવા માટે ઘરની આજુબાજુ પાણીનો ભરાવો થવા ન દેવો, પાણીના નાનાખાડા-ખાબોચિયા પૂરી દેવા, પાણીનોમોટી જગ્યામાં સ્ટોરેજ હોય તેવા જળસંગ્રહ સ્થાનોમાં પોરાભક્ષક માછલીઓ અવશ્ય મૂકાવી, મેલેરિયાથી બચવા દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરવો. મેલેરિયાઉપરાંત ડેન્ગ્યુ સામે પણ પણ કેટલીક સાવચેતી રાખીઅને સલામત રહી શકાય છે. ડેન્ગ્યુ અટકાયતમાટે ચોખ્ખા પાણીનાં સંગ્રહની તમામ જગ્યાઓહવાચુસ્તઢાંકણથી બંધરાખો. થર્મોકોલની શીટ, બીનઉપયોગી ટાયર, ભંગાર, ખાલીવાસણોમાં ફ્રિજનીપાછળની ટ્રે, પક્ષીકુંજ, પશુઓને પાણી પીવાની કુંડી સહિત ઉપયોગમાં ન હોય અને ફેંકી દેવા યોગ્ય વસ્તુઓનો નિકાલ કરવો. પાણી ભરાયું હોય તેવા સ્થાનો પરથી પાણી ખાલી કરવા, અને તે સ્થળને સુકાવા દેવા. છત, છાજલી, અગાસી પર પડેલા નકામાભંગાર, ટાયર વગેરેનો યોગ્ય નિકાલ કરવો,પાણીનો સંગ્રહ ન થાય તેની તકેદારી રાખવી. આ અંગેની વધુ વિગતો માટે આરોગ્ય કાર્યકર અથવા સરકારીદવાખાનાના સંપર્ક કરવો અગમચેતીરાખી અને ચોમાસાની ઋતુદરમિયાન મચ્છરજન્ય રોગોથી બચી શકાય છે.

ભારતીય કોસ્ટગાર્ડદ્વારા દરિયામાંરેસ્ક્યુ ઓપરેશન એએલએચ ફોર્સલેન્ડએટસી હાથ ધરાયું

કમલમ્ ન્યુઝ,અમદાવાદ

ICG ALH કે જેણે ગુજરાતમાં તાજેતરના પ્રતિકૂળ હવામાન દરમિયાન ૬૭ લોકોના જીવબચાવ્યા હતા, જેના આધારે, પોરબંદરથી લગભગ ૧૦૦ કિલોમીટર દૂર, ભારતીય ધ્વજવાળા મોટર ટેન્કર હરિ લીલા પરના ગંભીર રીતે ઘાયલ ક્રૂના તબીબી સ્થળાંતર માટે ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ ઓપરેશન લોન્ચ કરવામાં આવ્યું હતું. ICG ALH હેલિકોપ્ટર, જેમાં ૦૪ એરક્રૂ ઓનબોર્ડ છે, તે ઓપરેશન દરમિયાન કથિત રીતે દરિયામાં ઈમરજન્સી લેન્ડિંગ કરવાનીફરજ પડીહતી. આ ઘટના ત્યારે બની જ્યારે ALH ખાલી કરાવવા માટે જહાજ પાસે આવી રહ્યું હતું. હાલમાં, ICGએસર્ચ ઓપરેશન માટે ૦૪ જહાજો, ડોર્નિયર એરક્રાફ્ટ અને ALH હેલિકોપ્ટરનેલગાવ્યા છે.

પંચાયત અને કૃષિ મંત્રીશ્રી બચુભાઈ ખાબડએ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના અસરગ્રસ્તોને અંશત:નુકસાન માટે સહાય વિતરિત કરી

ધાનપુર તાલુકાના અલગ અલગ ગામોના કુલ ૩૧ કાચા ઘરોના નુકશાનની રૂ.૧.૨૪ લાખની સહાયના ચેક અર્પણ કરતા મંત્રી શ્રી બચુભાઈ ખાબડ

કમલમ્ ન્યુઝ,દાહોદ

તાજેતરમાં થયેલા અતિ ભારે વરસાદને પગલે સમગ્ર દાહોદ જિલ્લામાં જનજીવન પ્રભાવિત થયું છે. વરસાદ બંધ થતાં સાફ સફાઈ, દવાનો છંટકાવ, રસ્તા તેમજ વીજ પુરવઠો પૂર્વવત કરવાની કામગીરી ટોચ અગ્રતાથી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે, રાજ્યના પંચાયત અને કૃષિ મંત્રી શ્રી બચુભાઈ ખાબડ દ્વારા વરસાદથી થયેલ નુકસાની માટે અસરગ્રસ્તોને સહાય વિતરિત કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ ધાનપુર તાલુકાના કુલ ૩૧ કાચા મકાનો/પશુની ૧,૨૪,૦૦૦ જેટલી સહાયનુંમંત્રીશ્રી બચુભાઈ ખાબડ દ્વારાચેક વિતરણ કરવામાં આવ્યું હતું. સહાય વિતરણ દરમ્યાન ટી.ડી.ઓ.રાઠવા, ગામોના સરપંચશ્રી, તલાટી તેમજ ગામ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.અલગ અલગ ગામના સહાય મેળવનારઅસરગ્રસ્ત નાગરિકોએ સહાય સમયસર પહોંચાડવા બદલ સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. મંત્રીશ્રીએ સરપંચશ્રીઓ તેમજ ગામ અગ્રણીઓ સાથે વરસાદથી થયેલ નુકસાન તેમજ ગામના વિકાસકાર્યોવિશે ચર્ચા કરી હતી તેમજ અસરગ્રસ્તોને સહાય વિતરણ કર્યું હતું. નોંધનીય છે કે, જિલ્લામા વરસાદ બંધ થતાં ગણતરીના દિવસોમાં જ વહીવટી તંત્ર દ્વારા ઘટનાસ્થળ મુલાકાત, પશુઓના મૃતદેહનું પી.એમ. વગેરે નિયમાનુસાર ની પ્રક્રિયાઓ પૂર્ણ કરીને ગાઈડલાઈન અનુસારની પૂર્વનિર્ધારિત રકમની પશુમૃત્યુ સહાય અસરગ્રસ્તપશુપાલકો સુધી પહોંચાડવામાં આવી રહી છે.

ભીલાડની સરકારી વિજ્ઞાાન કોલેજમાં "જેન્ડર એન્ડ પેટ્રીઆર્કી: એન ઈન્ટ્રોડકશન" સેમિનાર યોજાયો

કમલમ્ ન્યુઝ,વલસાડ

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ભીલાડ ખાતેસ્થિત સરકારી વિજ્ઞાન કોલેજમાં સ્ટેટ ક્વોલિટી એસ્યોરન્સસેલ (SQAC) અંતર્ગત "જેન્ડરએન્ડ પેટ્રીઆર્કી: એન ઈન્ટ્રોડક્શન" (Gender and Patriarchy: An Introduction) વિષય પરસ્પેશિયલ લેક્ચરનુંઆયોજન કરવામાંઆવ્યું હતું. આ વિષય પર વક્તવ્ય આમંત્રિત વક્તા ડૉ. સુબેર કલાથીલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, ફેકલ્ટી ઓફ લૉ, પારુલ યુનિવર્સીટી, વડોદરા) દ્વારાઆપવામાં આવ્યું હતું. આ વક્તવ્યમાં એમણે જેન્ડર અને પિતૃસત્તાક સમાજવ્યવસ્થા કઈ રીતે સ્ત્રીઓ તેમજ પુરૂષો બંને માટે સરખી રીતે હાનિકારક છે એ અંગેની મૂળભૂત ચર્ચા કરી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. હિરેનકુમાર પટેલ (કો-ઓર્ડીનેટર, SQAC) દ્વારા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડૉ. દિપક ડી. ધોબીના માર્ગદર્શન હેઠળ કરવામાંઆવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રમ અને રોજગાર મંત્રાલયે આવાસ યોજના હેઠળ સીમાંત કામદારોને સામેલ કરવા પર ભાર મૂકયો

સામાજિક ન્યાય અને જીવનની સરળતા સુનિશ્ચિત કરવા માટે શ્રમિકોને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવરી લેવામાં આવશે

કમલમ્ ન્યુઝ,

સમગ્ર દેશમાં સીમાંત કામદારોના કલ્યાણને સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતાં શ્રમ અને રોજગાર મંત્રાલયે વંચિત કામદારોને પ્રધાનમંત્રી આવાસ યોજના (પીએમએવાય)નો લાભ આપવાનું પગલું શરૂ કર્યું છે. શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા તમામ રાજ્ય સરકારોને એક પત્ર જાહેર કરવામાં આવ્યો છે, જેમાં પ્રવાસી કામદારો, નિર્માણ કામદારો, બીડી કામદારો, સિને કામદારો, કોલસા સિવાયની ખાણના કામદારો, કોન્ટ્રાક્ટ મજૂરો અને અન્ય અસંગઠિત કામદારોને આવાસ યોજના હેઠળ સામેલ કરવાની વિનંતી કરવામાં આવી છે. આ નિર્ણય કેન્દ્રીય મંત્રીમંડળે પીએમએવાયનાં અમલીકરણને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫થી વર્ષ ૨૦૨૮-૨૯ સુધી વધારે પાંચ વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપી છે, જેનો ઉદ્દેશ લાયકાત ધરાવતા લાભાર્થીઓને ૨ કરોડ વધારે મકાનો પ્રદાન કરવાનો છે. આ પહેલ આર્થિક રીતે નબળા કામદારોનીઆવાસનીજરૂરિયાતોને માન્યતા આપે છે. મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું છે કે આ કામદારો સમાજના વંચિત વર્ગનું પ્રતિનિધિત્વકરેછેઅનેપીએમએવાય હેઠળતેમનું કવરેજ સુનિશ્ચિત કરવું એ માત્રસામાજિક ન્યાયનો વિષય જ નથી, પરંતુતેમના જીવનધોરણને સુધારવાની દિશામાંએક આવશ્યક પગલુંપણ છે.

કામદારોના ઉત્થાન માટે સહયોગાત્મક પ્રયાસ

હાંસિયામાં ધકેલાયેલા આ કામદારોના ઉત્થાન માટેના સહિયારા પ્રયાસોના મહત્ત્વપર ભાર મૂકીને મંત્રાલયે વિવિધરાજ્યોમાં તૈનાત કલ્યાણ કમિશનરોને આ પહેલોના સફળ અમલીકરણને સુનિશ્ચિત કરવા સ્થાનિક સત્તામંડળો સાથે ગાઢ જોડાણ કરવાની સૂચના આપી છે. શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ૨૯ ઓગસ્ટથી ૪ ઓક્ટોબર, ૨૦૨૪ ની વચ્ચે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે હાથ ધરવામાં આવેલી શ્રેણીબદ્ધ પ્રાદેશિક બેઠકોમાંઆ પહેલ પર ફોલો-અપ કરવામાં આવ્યું છે. આ પગલાથી લાખો કામદારોના જીવનમાં નોંધપાત્ર સુધારો થવાની અપેક્ષાછે, જે સુનિશ્ચિત કરે છે કે તેઓ યોગ્ય રીતે લાયક છે તેવા આવાસ અને સામાજિક સુરક્ષાલાભો મેળવે છે.

કામદારોના કલ્યાણ માટે સંપૂર્ણપણે કાર્યરત એમઆઈએસ પોર્ટલ

આ ઉપરાંત મંત્રાલયે જાહેરાત કરી છે કે બિલ્ડિંગ એન્ડ કન્સ્ટ્રક્શન અને માઈગ્રન્ટ વર્કર્સ માટે ૨૧ ઓગસ્ટ ૨૦૨૪નારોજ શરૂ કરવામાં આવેલ મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ (એમઆઈએસ) પોર્ટલ હવે સંપૂર્ણપણે કાર્યરત છે. આ પોર્ટલની રચનામાં, આરોગ્યલક્ષી લાભો અને આવાસ યોજનાઓ જેવી વિવિધ કેન્દ્રીય અને રાજ્ય સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ ભંડોળના ઉપયોગ અને કામદારોના કવરેજ પરની માહિતીસહિત ડેટાના સંગ્રહ અને વિશ્લેષણને સરળ બનાવવા માટે કરવામાં આવીછે. કેન્દ્રીયકૃત ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સુમાહિતગાર નિર્ણયો લેવા અને આ વંચિત કામદારોની જરૂરિયાતોને અનુરૂપ વધારે અસરકારક કલ્યાણકારી નીતિઓ વિકસાવવાસક્ષમ બનાવશે.

જળસંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં યોજાઈ સમીક્ષા બેઠક

સૌની યોજના રાજકોટ વિભાગમાં લિંક-૩ના પેકેજ-૮ અને ૯નાં રૂ.૩૯૩ કરોડનાં કામો પૂર્ણ

કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજ્યના જળસંપત્તિ અને પાણીપુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાની અધ્યક્ષતામાં સૌની યોજના તેમજ રાજકોટ સિંચાઈ યોજના વિભાગના વિવિધ વિકાસ કામોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બહુમાળી ભવન ખાતે રાજકોટ પંચાયત સિંચાઈ વર્તુળના અધિક્ષક ઈજનેર શ્રીની કચેરી ખાતે હાલમાંજ યોજાયેલી બેઠકમાં, બંને વિભાગની કામગીરીનો પ્રગતિ અહેવાલ રજૂ કરવામાંઆવ્યો હતો. આ બેઠકમાં જણાવાયું હતું કે, સૌની યોજના વિભાગ-રાજકોટ હેઠળના રૂપિયા ૩૯૩.૬૭ કરોડનાં બે કામો પૂર્ણ થઈ ગયાં છે. જ્યારે રૂ.૧૮૧.૧૭ કરોડનાં કામો હાલ ચાલુ છે. ઉપરાંત રૂ. ૩૨૫૮.૮૩ કરોડનાં ૧૦ કામોઆયોજન હેઠળ છે. રાજકોટ જિલ્લામાં રાજકોટ, ગોંડલ, કોટડાસાંગાણી તાલુકામાં સૌની યોજના લિંક-૩ પેકેજ-૮ના રૂ.૨૬૪ કરોડના કામો સંપન્ન થઈ ગયા છે. જ્યારે રાજકોટ-જામનગર જિલ્લામાં રાજકોટ, લોધિકા, ગોંડલ, જામકંડોરણા, કોટડાસાંગાણી તથા કાલાવડ તાલુકામાં સૌની યોજના લિંક-૩ પેકેજ-૯ના રૂ.૧૨૮.૭૧ કરોડના કામો પૂર્ણ થઈ ગયા છે. રાજકોટ તથા બોટાદ જિલ્લાના જસદણ, વિંછિયા તથા બોટાદ તાલુકાને સાંકળતી લિંક-૪ના પેકેજ-૯ના રૂ.૧૮૧.૧૭ કરોડના કામો હાલ ચાલુ છે. જેમાં ૫૫ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. સુરેન્દ્રનગર જિલ્લાના૪૫ ગામોતેમજ મોરબી જિલ્લાના ૧૧ ગામોને સિંચાઈ માટે નર્મદાના પાણીનો લાભ આપવાના કામો હાલ પ્રગતિમાં છે અને ટેન્ડરિંગની પ્રક્રિયા ચાલુ છે. ઉપરાંત અન્ય આઠ મળીને ૧૦ જેટલાં રૂ. ૩૨૫૮ કરોડનાં કામો આયોજન હેઠળ છે. મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ ચાલુ કામો તેમજ આયોજન હેઠળના કામોની ઝીણવટભરી સમીક્ષા કરી હતીઅને અધિકારીઓને કામગીરી ઝડપથી આગળ વધારવા માર્ગદર્શન આપ્યું હતું.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028